સુવિચાર

ઓછામાં ઓછા સાધનોમાંથી, વધુ લાભ ઉઠાવી, જિંદગી દરમ્યાન સંતોષી થવું એજ જિંદગી જીવવાની ખરી કળા છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




પાટણવાવમાં ગાંજાનું વાવેતર કરનાર ખેડૂતની ધરપકડ P-4

Year-16, Issue-267 ■ DATE : 25-02-2026 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સોલાર પેનલ્સની આયાત પર ૧૨૫% ડ્યુટી ઝીંકતા ટ્રમ્પ

## ભારતીય સોલાર ઈન્ડસ્ટ્રીઝને મોટો ફટકો : અમેરિકી રાષ્ટ્રપતિ ઉપર ફરી ટેરીફનું ભૂત સવાર : ભારત ઉપરાંત ઈન્ડોનેશીયા તથા લાઓસને પણ ટાર્ગેટ બનાવ્યા



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકા અને ભારત વચ્ચેના વેપાર સંબંધોમાં એક મોટો આંચકો લાગ્યો છે. અમેરિકન સરકારના કોમર્સ ડિપાર્ટમેન્ટે ભારત સહિત ત્રણ દેશોમાંથી આયાત થતા સોલર સેલ્સ અને પેનલ્સ પર અધધ ૧૨૫% થી વધુની કાઉન્ટરવેલિંગ ડ્યુટી લાદી દીધી છે.

અમેરિકાના કોમર્સ ડિપાર્ટમેન્ટે પ્રાથમિક તપાસ બાદ આ મોટો નિર્ણય લીધો છે. અમેરિકાની સરકારનું માનવું છે કે ભારત, ઈન્ડોનેશિયા અને લાઓસની સોલર કંપનીઓને તેમની સરકારો તરફથી મોટી સબસિડી મળી રહી છે. આ સબસિડીને કારણે આ કંપનીઓ અમેરિકામાં ખૂબ જ સસ્તા ભાવે સોલર પેનલ્સ વેચી રહી છે, જેનાથી અમેરિકાની સ્થાનિક કંપનીઓને આર્થિક નુકસાન થઈ રહ્યું છે. આ અયોગ્ય સ્પર્ધાને રોકવા માટે આ ભારે ટેક્સ લાદવામાં આવ્યો છે.

આ આદેશમાં ભારત પર સૌથી કડક વલણ અપનાવવામાં આવ્યું છે. ભારત-માંથી આવતા સોલર ઉત્પાદનો પર કુલ સબસિડી રેટ ૧૨૫.૮૭% નક્કી કરવામાં આવ્યો છે. ખાસ કરીને ભારતની મુંદ્રા સોલર પર ૧૨૫.૮૭% ડ્યુટી લાગશે. આ ઉપરાંત ઈન્ડોનેશિયા માટે આ દર ૧૦૪.૩૮% અને લાઓસ માટે ૮૦.૬૭% રાખવામાં આવ્યો છે. અમેરિકાની કંપનીઓ જેવી કે ફર્સ્ટ સોલર અને હનવા ક્યુસેલ્સે ફરિયાદ કરી હતી કે સસ્તી આયાતને કારણે તેમના અબજો ડોલરનું રોકાણ અને નોકરીઓ જોખમમાં છે.

વર્ષ ૨૦૨૫માં ભારત સહિત આ ત્રણ દેશોમાંથી અમેરિકામાં આશરે ૪.૫ બિલિયન ડોલરનું સોલર ઈમ્પોર્ટ થયું હતું. અગાઉ જ્યારે અમેરિકાએ વિયેતનામ અને થાઈલેન્ડ જેવા દેશો પર ડ્યુટી લગાવી હતી, ત્યારે ઘણી કંપનીઓ ભારત શિફ્ટ થઈ હતી. હવે ભારત પરના આ પ્રતિબંધોને કારણે ભારતીય સોલર એક્સપોર્ટર્સ માટે અમેરિકા જેવું મોટું માર્કેટ મોંઘુ થઈ જશે. જોકે, આ નિર્ણય હજુ પ્રાથમિક છે અને અંતિમ ફેંસલો માર્ચમાં લેવામાં આવશે.


આ આદેશમાં ભારત પર સૌથી કડક વલણ અપનાવવામાં આવ્યું છે. ભારત-માંથી આવતા સોલર ઉત્પાદનો પર કુલ સબસિડી રેટ ૧૨૫.૮૭% નક્કી કરવામાં આવ્યો છે. ખાસ કરીને ભારતની મુંદ્રા સોલર પર ૧૨૫.૮૭% ડ્યુટી લાગશે. આ ઉપરાંત ઈન્ડોનેશિયા માટે આ દર ૧૦૪.૩૮% અને લાઓસ માટે ૮૦.૬૭% રાખવામાં આવ્યો છે. અમેરિકાની કંપનીઓ જેવી કે ફર્સ્ટ સોલર અને હનવા ક્યુસેલ્સે ફરિયાદ કરી હતી કે સસ્તી આયાતને કારણે તેમના અબજો ડોલરનું રોકાણ અને નોકરીઓ જોખમમાં છે.

વર્ષ ૨૦૨૫માં ભારત સહિત આ ત્રણ દેશોમાંથી અમેરિકામાં આશરે ૪.૫ બિલિયન ડોલરનું સોલર ઈમ્પોર્ટ થયું હતું. અગાઉ જ્યારે અમેરિકાએ વિયેતનામ અને થાઈલેન્ડ જેવા દેશો પર ડ્યુટી લગાવી હતી, ત્યારે ઘણી કંપનીઓ ભારત શિફ્ટ થઈ હતી. હવે ભારત પરના આ પ્રતિબંધોને કારણે ભારતીય સોલર એક્સપોર્ટર્સ માટે અમેરિકા જેવું મોટું માર્કેટ મોંઘુ થઈ જશે. જોકે, આ નિર્ણય હજુ પ્રાથમિક છે અને અંતિમ ફેંસલો માર્ચમાં લેવામાં આવશે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૭/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૬૬/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |




# જો મે યુદ્ધ અટકાવ્યુ ન હોત તો પાક.ના વડાપ્રધાન માર્યા ગયા હોતઃ ટ્રમ્પ

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

આ ખરેખર યુગોનું ટર્ન એરાઉન્ડ છે. અમેરિકી સંસદને 'સ્ટેટ ઓફ યુનિયન' વાર્ષિક સંબોધનમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ પરના અમેરિકી સુપ્રીમકોર્ટના ચુકાદાને કમનસીબ ગણાવ્યો હતો તો દેશમાં ઘુસતા ક્રિમીનલો સામે સરહદો સીલ કરવાના તેમના આદેશને વ્યાજબી ઠેરવતા કહ્યું હતું કે ક્રિમીનલો અને અમેરિકા વચ્ચે હું દિવાલની જેમ ઉભો છું.

અમેરિકી પ્રમુખ જાન્યુ-ફેબ્રુઆરી માસમાં દેશની સંસદને વાર્ષિક સંબોધન કરતા શ્રી ટ્રમ્પે તેમના બીજા કાર્યકાળમાં ૧ વર્ષથી વધુ સમયમાં લેવાયેલા નિર્ણયોનો આક્રમક રીતે બચાવ કર્યો હતો અને કહ્યું કે દેશની



આઝાદીના ૨૫૦ વર્ષ પુરા થઈ રહ્યા છે અને આજે દુનિયામાં અમેરિકા જેવો બીજો કોઈ દેશ નથી. આ અમેરિકાના સુવર્ણકાળ ચાલી રહ્યા છે.

તેઓએ પોતાની સરકારની ભવિષ્યની કામગીરીનો ચિતાર આપવાની સાથે ભારત-પાક વચ્ચેના ટુંકા યુદ્ધ ભારતના ઓપરેશન સિંદુરના પણ ઉલ્લેખ કરી ફરી દાવો કર્યો કે ભારત-પાક સહિત આઠ યુદ્ધો અટકાવ્યા છે.

તેઓએ કહ્યું કે, જો ભારત-પાક યુદ્ધ પર કાબુ ન હોત તો બન્ને દેશો વચ્ચે અણુયુદ્ધ થવાની પણ શકયતા હતી. પાકના વડાપ્રધાન એ મને કહ્યું કે જો પાકના વડાપ્રધાન સહિત કરોડો લોકો માર્યા ગયા હોત તે નિશ્ચિત છે.


ટ્રમ્પે તેઓએ અટકાવેલા યુદ્ધની યાદી ફરી રજુ કરી હતી. અમેરિકાના ઈતિહાસના સૌથી લાંબા સ્ટેટ ઓફ યુનિયન સંબોધનમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન મુદે તેમના આક્રમક વલણને આગળ ધપાવતા કહ્યું કે હું કદી ઈરાનના હાથમાં અણુ શો આવવા દઈશ નહી.

# સુરતમાં પૈસાની ઉઘરાણીના ત્રાસથી સામૂહિક આપઘાત

### પતિ-પત્ની અને દીકરીના મોતઃ બીજી દીકરીનો ચત્કારીક બચાવ

**મુખ્ય સમાચાર, સુરત**

સુરતના વેસુ વિસ્તારમાં આવેલા હેપી એલિગન્સ બિલ્ડિંગમાં બાલમુકુંદ ખેતાન નામના વ્યક્તિએ ગઈકાલે(૨૪ ફેબ્રુઆરી) સાંજે પરિવાર સાથે સામૂહિક આપઘાત કર્યો હતો. વૈભવ રુંગટા નામના શખ્સની ઉઘરાણીથી ત્રાસીને પરિવારે ઝેરી દવા પી લેતા બાલમુકુંદ ખેતાનનું ઘટનાસ્થળે મોત થઈ ગયું હતું, જ્યારે પત્ની અને એક માસૂમ દીકરીનું આજે સવારે હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થઈ ગયું હતું, જ્યારે બીજી દીકરીનો સદનસીબે બચાવ થયો છે.



પોલીસ તપાસમાં ઘટનાસ્થળેથી એક સુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં વૈભવ રુંગટા નામના શખ્સની ઉઘરાણીથી ત્રાસી આપઘાત કર્યાનો ઉલ્લેખ કર્યો હોવાનું પ્રાથમિક રીતે બહાર આવ્યું છે. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે આ ઘટના બાદ વૈભવ રુંગટા ફ્લેટ પર પણ આવ્યો હતો. હાલ તો સમગ્ર મામલે વેસુ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મૂળ બિહારના વતની અને છેલ્લાં બે વર્ષથી ઘેરબેઠાં શેરબજારનું કામ કરતા બાલમુકુન્દ ખેતાને પોતાના પરિવાર સાથે ખેતરમાં નાખવાની ઝેરી દવા પીને સામૂહિક આત્મહત્યા કરી લીધી છે. પોલીસ તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી ત્રણ પાનાંની એક સુસાઈડ નોટ મળી આવી છે, જેમાં આ અંતિમ પગલું ભરવા પાછળનાં ગંભીર કારણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સુસાઈડ નોટમાં જણાવ્યા અનુસાર, આરોપી વૈભવ રુંગટાએ મૃતકની ગાડી અને ક્રેડિટ કાર્ડ પડાવી લીધાં હતાં અને તે કાર્ડથી બિનજરૂરી શોપિંગ પણ કરી હતી. આ માનસિક અને આર્થિક ત્રાસને કારણે પરિવારે આત્મઘાતી પગલું ભર્યું હોવાનું મનાય છે.

# સૌરાષ્ટ્ર-કચ્છના ૨૮ લાખ ગ્રાહકોના વીજ કનેકશન કપાશે

### PGVCLએ યોજી મેગા ડ્રાઈવઃ ૭૦૦ ટીમ તહેનાત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાજકોટ સ્થિત PGVCL દ્વારા આજે(૨૫ ફેબ્રુઆરી) સૌરાષ્ટ્ર-કચ્છમાં બાકીદારો પર તવાઈ બોલાવતા મેગા ડ્રાઇવ કરવામાં આવી છે. જેમાં છેલ્લા છ માસથી વીજ બિલ ન ભરતા ૨૮.૬૮ લાખ ગ્રાહકોના ઘરનું વિજ કનેક્શન કાપી નાખવામાં આવશે. પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ દ્વારા આ દિવસને ડીસકનેક્શન ડે તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. માર્ચ માસ નજીક આવતા જ PGVCL દ્વારા રેસીડેન્સીયલ, ઈન્ડસ્ટ્રીયલ અને ખેતીવાડી વિસ્તારમાં જેઓને વીજ કનેક્શન આપવામાં આવ્યું છે અને વીજ બિલ ભર્યુ નથી તેમનું લિસ્ટ બનાવવામાં આવ્યુ છે. જેઓની પાસેથી રૂ.૬૫૨.૯૯ કરોડની વસૂલાત બાકી હોવાનું સામે આવ્યું છે.



પશ્ચિમ ગુજરાત વિજ લિમિટેડ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના ૧૨ સર્કલમાં રૂ.૬૫૦ કરોડ જેટલું લેણું બાકી છે. જેમાં ૨૮.૬૮ લાખ વીજ ગ્રાહકો છે. જેમનું ૨થી ૬ માસ સુધીનું વિજ બિલ બાકી છે. માર્ચ માસ નજીક આવતા મેગા ડ્રાઈવનું આયોજન કરવામાં આવે છે. પાલિકાઓનું ઘણા સમયથી વીજ બિલ બાકી છે, પરંતુ તે આવશ્યક સેવાઓમાં આવતી હોવાથી આ ડ્રાઈવમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

રાજકોટના મોરબી રોડ સબ ડિવિઝનના ડેપ્યુટી એન્જિનિયર ડી.એન.પટેલે જણાવ્યુ હતું કે, ૨૫મી ફેબ્રુઆરીએ PGVCL ડીસકનેક્શન ડે ઉજવી રહ્યું છે. જેનો મતલબ એ થયો કે આ દિવસે જે લોકોએ વીજ બિલ ભર્યુ નથી તેમની પાસેથી પૈસા નથી લેવાના, પરંતુ વીજ કનેક્શન કાપીને જ આવવાનું રહેશે. રેસીડેન્સીયલ, ઈન્ડસ્ટ્રીયલ અને ખેતીવાડીના વીજ ગ્રાહકો કે જેઓએ વીજ બિલ ભર્યા નથી તેમનું વીજ કનેક્શન કાપવામાં આવશે.

રાજકોટ સ્થિત PGVCLના ફાઈનાન્સ વિભાગના જનરલ મેનેજર કિંતુકુમાર મલકાને જણાવ્યું હતું કે, પશ્ચિમ ગુજરાત વિજ લિમિટેડ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના ૧૨ સર્કલમાં રૂપિયા ૬૫૦ કરોડ જેટલું લેણું બાકી છે. જેમાં ૨૮.૬૮ લાખ વીજ ગ્રાહકો છે. જેમનું ૨થી ૬ માસ સુધીનું વીજ બિલ બાકી છે. માર્ચ માસ નજીક આવતા મેગા ડ્રાઈવનું આયોજન કરવામાં આવે છે. પાલિકાઓનું ઘણા સમયથી વીજ બિલ બાકી છે, પરંતુ તે આવશ્યક સેવાઓમાં આવતી હોવાથી આ ડ્રાઈવમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રેસીડેન્સીયલ, ઈન્ડસ્ટ્રીયલ અને ખેતીવાડીના વીજ ગ્રાહકો કે જેઓએ વીજ બિલ ભર્યા નથી તેમનું વીજ કનેક્શન કાપવામાં આવશે. સામાન્ય રીતે વીજ બિલ ન ભર્યું હોય ત્યાં PGVCLની ટીમ જ્યારે વીજ કનેક્શન કાપવા માટે જાય ત્યારે સમજાવટ બાદ ગ્રાહકો દ્વારા નાણાં ભરપાઈ કરવામાં આવે છે.

# પાકિસ્તાનમાં આતંકી હુમલામાં ૧૧ના મોત

**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

પાકિસ્તાનમાં આતંકવાદીઓએ ફરી એકવાર લોહીની હોળી ખેલી છે. પંજાબ અને ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં થયેલા બે અલગ-અલગ હુમલાઓમાં ૯ સુરક્ષાકર્મીઓ સહિત કુલ ૧૧ લોકોના મોત નીપજ્યા હતા. આ હુમલાઓએ પાકિસ્તાનની સુરક્ષા વ્યવસ્થાના લીરેલીરા ઉડાડી દીધા હતા.

પાકિસ્તાનના પંજાબ પ્રાંતના ભક્કર જિલ્લામાં દજ્જલ ઈન્ટર-સ્ટેટ ચેકપોસ્ટ પર મંગળવારે રાતે એક ભયાનક આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. આ વિસ્ફોટમાં ઓછામાં ઓછા ચાર પાકિસ્તાની સુરક્ષાકર્મીઓ શહીદ થયા હતા.

આ હુમલાની જવાબદારી 'અંસાર-ઉલ-ઈસ્લામ' નામના આતંકી સંગઠને લીધી હતી. હુમલાખોરની ઓળખ અબુ દર્દા તરીકે થઈ છે. ખાસ વાત એ છે કે, અગાઉ બરેલવી ઉગ્રવાદી સંગઠન તરીકે ઓળખાતા અંસાર-ઉલ-ઈસ્લામે પ્રથમ વખત આ પ્રકારના હુમલાની જવાબદારી સ્વીકારી છે.

બીજી ઘટના ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના કોહાટ વિસ્તારમાં બની હતી. અહીં આતંકીઓએ પોલીસ વાહનને નિશાન બનાવીને અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું.

પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન નકવીએ પુષ્ટિ કરી છે કે આ હુમલામાં એક વરિષ્ઠ અધિકારી સહિત પાંચ પોલીસકર્મીઓ અને બે સામાન્ય નાગરિકોના મોત થયા છે. આમ, એક જ દિવસમાં પાકિસ્તાનના બે અલગ-અલગ પ્રાંતોમાં આતંકીઓએ ૧૧ લોકોને મોતને ઘાટ ઉતાર્યા છે.

# વડાપ્રધાન મોદીના સંબોધન પુર્વે ઈઝરાયેલની સંસદ - નેસેટ ભારતના તિરંગાથી શણગારાઈ

ભારતીય વડાપ્રધાન મોદી આજથી ઈઝરાયેલના બે દિવસના પ્રવાસે ગયા છે અને આજે તેઓ ઈઝરાયેલની સંસદ 'નેસેટ'ને સંબોધીત કરનાર છે ત્યારે ઈઝરાયેલની સંસદ નેસેટને તિરંગાથી સજાવાઈ છે. ઉલ્લેખનીય છે કે ઈઝરાયેલની સંસદને સંબોધનાર મોદી ભારતના પ્રથમ વડાપ્રધાન બનશે, જો કે પુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ ૨૦૧૫માં નેસેટને સંબોધન કર્યું હતું. નેસેટના સભ્યો પાસે અમોઘશક્તિ હોય છે. આ દરમિયાન ભારતીય વડાપ્રધાન મોદીના ઈઝરાયેલમાં નેસેટમાં સંબોધન પુર્વે નેસેટને ભારતીય રાષ્ટ્રધ્વજ તિરંગાથી સજાવી દેવાઈ છે. ઈઝરાયેલની સંસદ નેસેટમાં સંબોધન કરવું એક દુર્લભ સન્માન છે, જે બન્ને લોકશાહી દેશો વચ્ચે રાજનીતિક સૌહાર્દને બતાવે છે. આ દરમિયાન નેસેટ પર ભારતીય તિરંગો લહેરાવી દેવામાં આવ્યો છે. ખુદ ઈઝરાયેલી સ્પીકર આમીર સોહાનાએ સોશ્યલ મીડીયા એકસ પર નેસેટની તસ્વીર પોસ્ટ કરી ખુશી વ્યક્ત કરી છે.

# જંગલેશ્વર વિસ્તારમાં ૮૮૭૫૦ ચો.મી.ની જમીન દબાણ મુકત કરાઈ



## ગુન્હેગારો માટે આશ્રય સ્થાન મનાતુ જંગલેશ્વર ગેરકાયદેસર બાંધકામો દુર થતા ખુલ્લો પટ્ટ બન્યું: પત્રકાર પરિષદમાં માહિતી આપતા તુષાર સુમેરા તથા ડીસીપી હેતલબેન પટેલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા તા.૨૩/૨ થી તા.૨૪./૨ દરમ્યાન શહેરના ઈસ્ટઝોન વિસ્તાર પૈકી વોર્ડ નં.૧૬માં સમાવિષ્ટ જંગલેશ્વર તરીકે ઓળખાતા વિસ્તારમાં નગર રચના યોજના ૬ રાજકોટના ૧૫ મીટર ટી.પી રોડ (બાપુનગર થી નાડોદાનગર) તેમજ શાળા નં ૭૦ થી પૂર્વ બાજુ આવેલ આજી નદી પટ વિસ્તારમાં કુલ-૧૪૮૯ ગેરકાયદેસર દબાણ/બાંધકામ દુરકરવામાં આવેલ છે. તેમજ હવે સ્થળ પર પડેલો કાટમાળ દૂર કરવાની કામગીરી પણ ઝડપભેર હાથ ધરવામાં આવી છે, તેમ મ્યુનિ. કમિશનર તુષાર સુમેરા અને રાજકોટ શહેર પોલીસ વિભાગના ડી.સી.પી. હેતલબેન પટેલે આજે અત્રે યોજાયેલ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. આ પત્રકાર પરિષદમાં નાયબ કમિશનરઓ મહેશ જાની, ચેતન નંદાણી, પથિક પટેલ, હર્ષદ પટેલ, સમીર ધડુક, પી. ડી. અઢિયા, ડીવાય.એસ.પી. આર. બી. ઝાલા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ગેરકાયદેસર દબાણ/બાંધકામ ટી.પી. રોડમાં નડતરરૂપ હોય તેમજ શાળા નં ૭૦ થી પૂર્વ બાજુ આવેલ આજી નદી પટ વાળાલોકેશન પર આજી નદી અને ખોખડદડી બંને નદીઓ ભેગી થતી હોઈ પુર દરમ્યાન આ લોકેશન પર મદદ મળવી સૌથી મુશ્કેલ થતું હોઈ,તમામ ગેરકાયદેસર દબાણકર્તા આસામીઓને ધી જી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ ની કલમ-૨૬૦(૧) હેઠળની નોટીસ આપવામાં આવેલ તેમજ સ્થાનિકે જઈ વારંવાર રૂબરૂ પણ જણાવવામાં આવેલ. તેમ છતાં, આસામીઓ દ્વારા કોઈ કાર્યવાહી કરેલ ન હોય, સદરહુ ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા કલમ-૨૬૦(૨) હેઠળ હુકમ કરવામાં આવેલ. જેથી નગરરચના યોજના ૬ રાજકોટના ૧૫ મીટર ટી.પી. રોડ તથા આજી નદી પટ વિસ્તાર ખુલ્લો કરાવવાનડતરરૂપ ગેરકાયદેસર દબાણ/બાંધકામ દુર કરવા ડીમોલીશન હાથ ધરવામાં આવેલ.

ઉક્ત ડીમોલીશન અન્વયે કાચા પાકા મળી કુલ ૧૪૮૯ બાંધકામોને તોડી પાડવામાં આવેલ છે અને આ મેગાડીમોલીશનથીમહાનગરપાલિકા દ્વારા ટી.પી. રોડ પૈકી ની ૩૩,૭૫૦ ચો.મી. જમીન તથા આજી નદી પટ વિસ્તારની ૫૫,૦૦૦ ચો.મી. જમીન મળી કુલ અંદાજે૮૮,૭૫૦ ચો.મી. જમીન ખુલ્લી કરાવવામાં આવેલ છે.

આ કામગીરીમાં રાજકોટ મહાનગરપાલિકાની જુદી-જુદીશાખાના સ્ટાફ ૧,૫૧૨ અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ સ્થાનિકે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વિજિલન્સ શાખા અને રાજકોટ શહેર પોલીસ તરફથી મોટી સંખ્યામાં સ્ટાફ પણ સ્થળ પર હાજર રહેલ.

મ્યુ. કમિશનરે જણાવ્યું હતું કે, દર વર્ષે ચોમાસા દરમિયાન ભારેથી અતિભારે વરસાદ તેમજ ઉપરવાસમાં ભારે વરસાદથી આજી ડેમ છલકાવાને કારણે કાંઠાના વિસ્તારો જેમકે જંગલેશ્વર, લલુડી વોકળી, રૂખડિયાપરા, એકતા કોલોની વગેરે વિસ્તારોમાં લોકોને સલામત સ્થળે ખસેડવા પડે છે. ભૂતકાળમાં એવી પરિસ્થિતિ સર્જાઈ છે કે રેસ્ક્યુ કરવા જનાર અધિકારીઓને પણ ની ટીમ દ્વારા બચાવવા પડ્યા છે. જે તે સમયે ૨૦૨૪ માં ૧૩૭૮ થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરેલ છે. જેમાંથી ૩૭૦ રેસ્ક્યુ કરવામાં આવેલ હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જામનગરમાં આતંકવાદી હુમલો, તંત્ર દ્વારા રાષ્ટ્રીય કક્ષાની મોકડ્રીલ જાહેર

## મોકડ્રીલની સફળતા થકી જિલ્લા વહીવટીતંત્ર ફરી એક વખત આપત્તિજનક પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણ સજ્જ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં આતંકી હુમલો થયા અંગેની જાણ એક ખાનગી રિફાઇનરી દ્વારા જામનગર જિલ્લા કંટ્રોલરૂમ ખાતે કરવામાં આવી હતી. અને યુદ્ધના ધોરણે સમગ્ર જિલ્લા વહીવટી તંત્રના વિવિધ વિભાગોની ટીમ રિલાયન્સ RV ગેટ નજીક ઘટના સ્થળે પહોંચી હતી અને તાત્કાલિક રાહત-બચાવ કામગીરી હાથ ધરી હતી.ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ, ફાયર, આરોગ્ય વિભાગની ટીમો, પોલીસ તંત્ર, ક્વીક રિસ્પોન્સ ટીમ સહિત ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો દોડતી થઈ હતી. ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમજ આજુબાજુના વિસ્તારમાંથી લોકોને નજીકના આશ્રય સ્થાનોમાં ખસેડવામાં આવ્યા હતા.રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સુરક્ષા દળો, ચેતક કમાન્ડો, સીઆઈએસએફ, ક્વિક રિસ્પોન્સ ટીમ જામનગર, જિલ્લા વહીવટી તંત્ર અને વિશેષ કાઉન્ટર ટેરરિઝમ ટીમો દ્વારા સંકલિત કામગીરી કરવામાં આવી હતી અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તથા શંકાસ્પદ તત્વોની ઓળખ અને તપાસ કરવામાં આવી હતી.અંતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સમગ્ર ઘટના રાષ્ટ્રીય કક્ષાની મોકડ્રીલ જાહેર કરવામાં આવતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. ઉલ્લેખનીય છે કે એનએસજી દ્વારા પ્રથમ વખત જામનગરમાં આ પ્રકારે રાષ્ટ્રીય કક્ષાની ટેરરિઝમ એક્સરસાઇઝ યોજવામાં આવી હતી. એક ખાનગી રિફાઇનરીમાં ૪ આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. હુમલામાં ૧૦ પૈકી ૯ હોસ્ટેજિસને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા, એકનું મૃત્યુ નીપજ્યું હતું. આ ઓપરેશન દરમિયાન ચારેય આતંકવાદીઓના મોત નિપજ્યા હતા અને ૨ કમાન્ડો શહીદ થયા હતા. સાંજે ૭૪૦ વાગ્યે શરૂ થયેલ આ મોકડ્રીલ રાત્રે ૩૧૯ કલાકે પૂર્ણ થઈ હતી.

આ મોકડ્રીલનો મુખ્ય હેતુ આપત્તિ સમયે વિવિધ વિભાગો વચ્ચે સંકલન, ત્વરિત પ્રતિસાદ અને અસરકારક બચાવ કામગીરીનું મૂલ્યાંકન કરવાનો હતો. સમગ્ર કામગીરીમાં નેશનલ સિક્યુરિટી ગાર્ડની વિશેષ ટીમ દ્વારા વ્યુહાત્મક કામગીરીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અને સમગ્ર વિસ્તાર સંપૂર્ણ સુરક્ષિત જાહેર કરવામાં આવ્યો હતો.આ મોકડ્રીલમાં પોલીસ, ફાયર બ્રિગેડ, ૧૦૮ એમ્બ્યુલન્સ, તબીબો, સબંધિત વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ એ સક્રિય ભાગ લીધો હતો. અને મોકડ્રીલ સફળ રીતે પૂર્ણ થઈ હતી.

NSG દ્વારા જામનગર જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી સમગ્ર મોકડ્રીલ નું સંકલન તથા સંચાલન કરવામાં આવ્યું હતું. જિલ્લા વહીવટી તંત્ર જામનગર દ્વારા કલેક્ટર કેતન ઠક્કરના માર્ગદર્શનથી તમામ કામગીરી ત્વરિત યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવી હતી. મોકડ્રીલ દરમિયાન સંકલિત તમામ વિભાગોએ ઉત્તમ સમન્વયનું દ્રષ્ટાંત પૂરું પાડ્યું હતું.

જિલ્લા કલેકટર કેતન ઠક્કરના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક કંટ્રોલરૂમ મારફતે વિવિધ ટીમોને ચોક્કસ જવાબદારીઓ સોંપવામાં આવી હતી. તેમજ રાષ્ટ્રીય સ્તરની સુરક્ષા એજન્સી NSGએ પણ સફળ તાલીમનું પ્રદર્શન કર્યું હતું. સમગ્ર અભ્યાસ દ્વારા સંભવિત આપત્તિ સમયે અસરકારક પ્રતિસાદ માટેની તૈયારીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. મોકડ્રીલની સફળતા થકી જિલ્લા વહીવટીતંત્રએ ફરી એક વખત આપત્તિજનક પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણ સજ્જ હોવાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

# ઉનાના વાસોજ ગામે ગ્રામ પંચાયતની બાજુમાં દબાણ દૂર કરાયું, ફીશ માર્કેટ અને વેજ માર્કેટ નવી બનશે



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના વાસોજ ગામે ગ્રામ પંચાયત દ્વારા ગ્રામ પંચાયતની નજીક દબાણ દૂર કરવામાં આવ્યું હતું જેમાં પોલીસ પ્રશાસન સાથે રાખી અને આ પેસ કદમી ખુલી કરાઈ વાસોજ ગ્રામ પંચાયત છેલ્લા ઘણા સમયથી ગામનો વિકાસ કઈ રીતે થાય અને ગામમાં લોકોનેં સગવડ કઈ રીતે મળે તે હિતમાં હંમેશા કામ કરતી આવી છે ગ્રામ પંચાયતના સરપંચના પ્રતિનિધિ અને તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન મોહન ભાઈ વાજા અને તેમના ધર્મ પત્ની સરપંચ જેને કારણે ગામનો વિકાસ આજે ખૂબ ફલી ફૂલી રહ્યો છે ગામમાં એક વેજ માર્કેટ અને ઍક ફીસ માર્કેટ નવી બનવા જઈ રહી છે

જેને કારણે ગ્રામ પંચાયતની બાજુમાં બાવળીયા તેમજ અનેક લોકોએ ગેરકાયદેસર પૅસ કદમીમાં દુકાનો ખડકી નાખી હતી જેને લઈને ગ્રામ પંચાયત તેમજ પોલીસ પ્રશાસન તલાટી મંત્રી સહિતના લોકો ઉપસ્થિત રહી અને ગેરકાયદેસર આ દબાણ દૂર કરવામાં આવ્યું હતું તમે આ કામગીરીને લઈને લોકોએ તેમની પ્રશંસા પણ કરી હતી

# મોરબી મહાનગરપાલિકાની નાઈટ ડ્રાઈવથી ઘરવિહોણાને આશ્રય

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખા દ્વારા રાત્રિ દરમિયાન નાઈટ ડ્રાઈવ યોજી ફૂટપાથ પર રહેતા ૨૫ ઘરવિહોણા લોકોને મહારાણીશ્રી નંદકુંવરબા આશ્રયગૃહ ખાતે સ્થળાંતરીત કરવામાં આવ્યા હતા. આશ્રયગૃહમાં રહેવા-જમવાની નિઃશુલ્ક સુવિધા આપવામાં આવે છે.

મોરબી શહેરમાં રહેતા ઘરવિહોણા અને નિરાધાર લોકોને સુરક્ષિત આશ્રય મળે તે હેતુથી મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખા દ્વારા નાઈટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. રાત્રિના સમયે ફૂટપાથ પર સુતેલા લોકોને સ્થળ પર જઈ કાઉન્સેલિંગ કરી તેમને મહારાણીશ્રી નંદકુંવરબા આશ્રયગૃહ ખાતે લાવવામાં આવ્યા હતા. આ આશ્રયગૃહમાં ઘરવિહોણા લોકોને વિનામૂલ્યે રહેવા, જમવા સહિતની પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવે છે. આશ્રયગૃહનું સંચાલન મોરબી મહાનગરપાલિકા દ્વારા નિમણૂક કરાયેલી શ્રી સિદ્ધિ ખાદી ગ્રામ ઉદ્યોગ કેળવણી સંસ્થા દ્વારા કરવામાં આવે છે. યુ.સી.ડી. શાખા તથા સંસ્થાના સ્ટાફે સંયુક્ત રીતે રાત્રિના સમયે વિવિધ વિસ્તારોમાં મુલાકાત લઈ ઘરવિહોણા



લોકોને આશ્રયગૃહનો લાભ લેવા પ્રેરિત કર્યા હતા, જેથી ઠંડી અને અન્ય પરિસ્થિતિઓને કારણે તેમના આરોગ્ય પર કોઈ વિપરીત અસર ન પડે. આ ડ્રાઈવ દરમિયાન કુલ ૨૫ ઘરવિહોણા લોકોને તેમના પરિવાર સાથે આશ્રયગૃહમાં પહોંચાડવામાં આવ્યા હતા.

# ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓને રોગના લક્ષણો અને સારવાર અંગે વિસ્તૃત માર્ગદર્શન અપાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

ભારત સરકારના ટીબી મુક્ત ભારત અભિયાનને વેગ આપવા માટે જામનગર જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જે અંતર્ગત લાલપુર તાલુકાની રઝવી હાઈસ્કૂલ ખાતે જિલ્લા ક્ષય કેન્દ્ર, જામનગર અને લાલપુર આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે ટીબી રોગ અંગે જાગૃતિ અને પ્રશ્નોત્તરી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના નિષ્ણાતો દ્વારા ૭૦ થી વધુ વિદ્યાર્થીઓને ટીબી રોગ વિશે પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી. જેમાં જણાવાયું હતું કે, ટીબી એ બેક્ટેરિયાથી થતો ગંભીર રોગ છે, જે મુખ્યત્વે ફેફસાંને અસર કરે છે. જો કોઈ વ્યક્તિને ૨ અઠવાડિયાથી વધુ ઉધરસ, ભૂખ ન લાગવી, વજન ઘટવો કે સાંજના સમયે ઝીણો તાવ આવવો જેવા લક્ષણો જણાય, તો તુરંત તપાસ કરાવવી અનિવાર્ય છે. સારવાર ન લેનાર એક દર્દી વર્ષે ૧૦ થી ૧૫ વ્યક્તિઓને ચેપ લગાડી શકે છે, તેથી વહેલું નિદાન અને સંપૂર્ણ સારવાર જ આ રોગનો ઉકેલ છે.

વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા જણાવવામાં આવ્યું હતું કે, તમામ સરકારી આરોગ્ય કેન્દ્રોમાં ટીબીનું નિદાન અને સારવાર સંપૂર્ણ નિઃશુલ્ક ઉપલબ્ધ છે. વધુમાં નિક્ષય પોષણ યોજના હેઠળ દર્દીને પૌષ્ટિક આહાર મળી રહે તે માટે સરકાર દ્વારા દર મહિને રૂ.૧૦૦૦ની સહાય સીધી દર્દીના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.આ કાર્યક્રમની વિશેષતા એ રહી કે, શાળાના આચાર્ય દિલીપભાઈ ધારવીયા અને અન્ય ૫ શિક્ષકો સર્વશ્રી અલ્તાફ ખુરેશી, વિજય મઘોડીયા, નકીમખાન પઠાણ, મોહીન ભોરણીયા અને આરીફ હિંગોરા ટીબીના દર્દીઓને સાયકોસોશિયલ સપોર્ટ પૂરો પાડવા માટે નિક્ષય મિત્ર તરીકે જોડાયા હતા.સમગ્ર કાર્યક્રમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા ક્ષય અધિકારી ડૉ. પંકજકુમાર સિંઘ તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. પી.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ DPPM ચિરાગ પરમાર, ટીબી સુપરવાઈઝર પરેશ ભારાઈ અને આરોગ્ય કર્મચારીઓ દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

# જામનગર જિલ્લા અદાલતના કર્મચારીઓ માટે મેડીકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને ગુરુ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે ૧૪૦ થી વધુ કર્મચારીઓએ આરોગ્ય તપાસનો લાભ લીધો.

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,જામનગર દ્વારા આરોગ્યલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ. એન. આર. જોષીના માર્ગદર્શન હેઠળ અને ગુરુ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલના સહયોગથી શહેરના ધનવંતરી ઓડીટોરીયમ ખાતે કોર્ટ કર્મચારીઓ માટે વિશેષ 'મેડીકલ ચેક-અપ કેમ્પ' યોજાયો હતો.આ કેમ્પનો જામનગર ડિસ્ટ્રીકટ કોર્ટ અને તેના તાબા હેઠળની અદાલતોના આશરે ૧૪૦ જેટલા કર્મચારીઓએ લાભ લીધો હતો. આ કેમ્પ દરમિયાન તબીબી ટીમ દ્વારા કર્મચારીઓના બ્લડપ્રેશર, સુગર તેમજ અન્ય પ્રાથમિક સ્વાસ્થ્ય સંબંધી પરીક્ષણો કરવામાં આવ્યા હતા. આ સેવાકીય કાર્યમાં જી. જી. હોસ્પિટલના ૩ નિષ્ણાત મેડીકલ ઓફીસરઓ તથા નર્સીંગ સ્ટાફ સહિત કુલ ૯ સભ્યોની ટીમે તબીબી સેવાઓ પૂરી પાડી હતી.

# મોરબી મનપાના નાયબ કમિશ્નર દ્વારા ક્લસ્ટર-૬ વિસ્તારોનું નિરીક્ષણ કરાયું

## સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા વેપારીઓને દંડ આપીને સ્વચ્છતા અંગે માર્ગદર્શન આપ્યું



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા નાયબ કમિશનર સંજયકુમાર સોનીના માર્ગદર્શન હેઠળ ક્લસ્ટર-૬ ના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા અંગે નિયમિત નિકાલ અને સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા વેપારીઓને દંડ પણ અપાયો હતો. વધુમાં, સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ કંપોસ્ટીંગ ખાતરનો વૃક્ષારોપણના વાવેતર માટે ઉપયોગ કરવામાં આવશે.

મોરબી મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા ગઈકાલે તા.૨૪ ફેબ્રુઆરીના રોજ ક્લસ્ટર-૬ ના વિવિધ વિસ્તારોમાં સફાઈની કામગીરીનું નિરીક્ષણ નાયબ કમિશનર સંજયકુમાર સોની દ્વારા કરવામાં આવ્યું હતું. આ વિસ્તારમાં ગઢની રાંગ, રામઘાટ, મહિલા પોલીસ સ્ટેશન, લીલાપર મેઈનરોડ અને વજેપર જેવા વિસ્તારોમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનના પોઈન્ટ ઉપર પણ વિઝિટ કરવામાં આવી હતી. ત્યારે નાયબ કમિશનરે સ્ટાફને નિયત સમયે ગાર્બેજ કલેક્શન અને યોગ્ય નિકાલની સૂચના આપીને શહેરમાં સ્વચ્છતા જાળવવા માટે સુચનો આપ્યા હતા. આ ઉપરાંત, સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને રોકવા માટે નગર દરવાજા અને શાક માર્કેટ વિસ્તારમાં ૧૨ જેટલા વેપારીઓને પાસેથી રૂ.૯,૦૦૦/-નો દંડ વસૂલવામાં આવ્યો હતો.

મોરબી મહાનગરપાલિકા દ્વારા ૩ મહિના દરમિયાન કચેરી ખાતે ૨ ટન કંપોસ્ટીંગ ખાતર તૈયાર કરવામાં આવ્યું છે, જેની અંદાજિત કિ.રૂ.૬૦,૦૦૦/- છે. આ ખાતરનો ઉપયોગ વૃક્ષારોપણ અને જતન માટે કરવામાં આવશે. આ સાથે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની આગળની કામગીરી વધુ આક્રમક અને વ્યાપક બનશે, જે માટે તમામ વેપારીઓ અને લારી-ગલ્લા ચલાવતા વેપારીઓને નોંધ લેવા અપીલ કરી છે.

# મોરબી જીલ્લામાં એક જ દિવસે અલગ અલગ અપમૃત્યુના પાંચ બનાવ નોંધાતા ચકચાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં અલગ-અલગ પોલીસ મથકોમાં અપમૃત્યુના પાંચ બનાવ નોંધાયા છે. જેમાં મોડપર પાસે અકસ્માતમાં યુવકનું મોત, વાંકાનેરમાં એસિડ પીવાથી પરિણીતાનું નિધન, માનસિક તાણમાં ગળેફાંસો, મોરબીમાં કારખાનામાં મશીન અકસ્માત અને વાંકાનેરના ગારીડા પાસે અજાણ્યા પુરુષનો ગળેફાંસા ખાઈ આપઘાત સહિતના બનાવમાં પાંચ વ્યક્તિ અકાળે મોતને ભેટ્યા છે. ત્યારે તમામ મૃત્યુના બનાવ અંગે પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

અપમૃત્યુના પ્રથમ બનાવમાં મોરબી તાલુકાના મોડપર ગામના પાટીયા નજીક અકસ્માતના બનાવમાં વિકાસ મુનેશભાઈ દિક્ષીત ઉવ.૨૬ રહે. વાંકાનેર ગુ.હા. બોર્ડ વાળા વાહન અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેઓને સારવાર માટે સરકારી હોસ્પિટલ લાવવામાં આવ્યા બાદ તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. તાલુકા પોલીસ દ્વારા ઈન્કવેસ્ટ કાર્યવાહી કરી અ.મોત રજીસ્ટર કરી વધુ તપાસ ચલાવી છે.

બીજા અપમૃત્યુના બનાવની મળતી વિગતો મુજબ, રૂપલબેન અવધભાઈ સરૈયા ઉવ.૨૫ રહે. ભરવાડપરા વાંકાનેર વાળાએ કોઈ અજાણ્યા કારણસર એસિડ પી ગયા હતા. જેથી તેણીને ઝાડા-ઉલ્ટી થતા તેમની તબિયત બગડી હતી. ત્યારે પ્રથમ વાંકાનેર અને બાદમાં રાજકોટ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેણીનું મોત નિપજ્યું હતું. હાલ મૃત્યુના બનાવ પાછળનું ચોક્કસ કારણ જાણવા પોલીસે તપાસ શરૂ કરી છે.

જ્યારે અપમૃત્યુના ત્રીજો બનાવ વાંકાનેર સિટી પોલીસ મથકમાં નોંધાયો છે, જેમાં મૃતક શૈલેષભાઈ દિનેશભાઈ કાપડિયા ઉવ.૫૦ રહે. દિવાનપરા પતાળીયા રોડ વાંકાનેર વાળા માનસિક ટેંશનમાં હોવાથી તેઓએ પોતાના ભાઈની મંડપ સર્વિસની દુકાનમાં પંખા સાથે કાપડની દોરી બાંધી ગળેફાંસો ખાઈ લેતા પરિવારજનો દ્વારા તેમને હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા છે. હાલ વાંકાનેર સીટી પોલીસે અ.મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત અપમૃત્યુના ચોથા બનાવમાં વિજયભાઈ ભાનુશંકર શીલુ ઉવ.૫૧ રહે. પટેલ કોલોની પીજી કલોકની પાછળ મોરબી વાળા મોરબીના રાજકોટ મોરબી હાઈવે ઉપર શ્રીજી એસ્ટેડમાં આવેલ શિવશંકર પેકેજિંગ નામના કારખાનામાં ભાગીદાર હતા. ત્યારે ગઈકાલ તા.૨૪/૦૨ના રોજ તેઓ કારખાનામાં સ્લોટર મશીન રિપેર અથવા સાફ સફાઈ દરમિયાન દોરડાથી મશીન ઊંચું કરતાં હતા, ત્યારે કોઈ કારણસર મશીનની અંદર આવી જતા બ્લેડ ગળાના ભાગે વાગતાં ગંભીર ઈજા પહોંચી અને ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. જેથી પોલીસે મૃત્યુના બનાવ અંગે પાર્થભાઈ મહેતા પાસેથી પ્રાથમિક વિગતો મેળવી અ.મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

આ સિવાય પાંચમા અપમૃત્યુના બનાવમાં વાંકાનેરના ગારીડા ગામ હાઈવે રોડ પર તીર્થ હોટલ સામે ખોડિયાર માતાની ભેખડ પાસે આશરે ૪૦ થી ૪૫ વર્ષના અજાણ્યા પુરુષનો મૃતદેહ લીમડાના ઝાડ સાથે ચાદર વડે ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. સ્થાનિક ખેડૂત દ્વારા જાણ થતાં પોલીસ પહોંચી કાર્યવાહી હાથ ધરી છે. હાલ વાંકાનેર તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી મૃતકની ઓળખ અંગે તપાસ ચલાવી છે.

# મોરબી જીલ્લા પંચાયતનું ૭૭૬ કરોડનું બજેટ રજૂ કરાયું





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પંચાયતમાં આજે યોજાઈ ગયેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ.૭૭૬ કરોડનું નવું બજેટ રજૂ કરાયું હતું. આ બજેટમાં વિવિધ ક્ષેત્રો માટે ફંડની જોગવાઈ કરવામાં આવી છે, જેમાં પંચાયત અને વિકાસ, બાંધકામ, શિક્ષણ, કૃષિ અને વધુ માટે ફંડ પણ અનુકૂળ કરવામાં આવ્યા છે.

મોરબી જીલ્લા પંચાયતની સામાન્ય સભા આજે જીલ્લા પંચાયતના સભાખંડ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં મોરબી જીલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન જેઠાભાઈ પારેઘી, સચિવ અને જીલ્લા વિકાસ અધિકારી એન.એસ. ગઢવી સહિતના સદસ્યોએ હાજરી આપી હતી. જે અન્વયે વર્ષ ૨૦૨૬-૨૭ માટે જીલ્લા પંચાયતનું નવું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. કુલ રૂ.૭૭૬ કરોડના આ બજેટમાં ૭૩ કરોડ ૮૩ લાખનું સ્વભંડોળનો સમાવેશ છે.

આ ઉપરાંત ૨૦૨૬-૨૭ના બજેટમાં વિવિધ ક્ષેત્રો માટે નાણાંની જોગવાઈ કરવામાં આવી છે જેમાં પંચાયત અને વિકાસ માટે રૂ.૧૦૩૨.૮૩ લાખ, બાંધકામ માટે રૂ.૩૯૧.૬૫ લાખ, શિક્ષણ માટે રૂ.૨૬૩ લાખ, સામાન્ય વહીવટ માટે રૂ.૧૬૭ લાખ, કૃષિ માટે રૂ.૧૫.૧૦ લાખ આ સિવાય, ૪૩ લાખના ખર્ચે ભૂગર્ભ ગટર અને શોશ ખાડાની સફાઈ માટે જેટિંગ મશીનની ખરીદી પણ કરવામાં આવી છે. વિશેષ કાર્યના ભાગરૂપે, જીલ્લામાં ૩૬૨ ગામોમાં પોષણ ખાટલાની માંગણી સામે ૨૬૨ પોષણ ખાટલાની ખરીદી પણ કરવામાં આવી છે. અંતે, મોરબીના વીરપરથી લીલાપર રોડને મોરબી જીલ્લા પંચાયતે ઓ.આર.પટેલનું નામકરણ કર્યું છે.

# હળવદના મેરૂપર ગામે ત્યજી દેવાયેલું નવજાત શિશુ મૃત હાલતમાં મળી આવ્યું

## અજાણ્યા નિષ્ઠુર માતા-પિતા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના મેરૂપર ગામે ઉકેરડામાં નવજાત શિશુનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે. નવજાત બાળકના મૃતદેહને શ્વાનો દ્વારા ખાધેલા હોવાનું પણ સામે આવ્યું છે. ત્યારે ગામના સરપંચ દ્વારા પોલીસને જાણ કરાતા, પોલીસે સ્થળ ઉપર પહોંચી અજાણ્યા માતા-પિતા વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

હળવદ તાલુકાના મેરૂપર ગામે માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. મેરૂપર ગામના સરપંચ રાજુભાઈ વશરામભાઈ ખેર ઉવ.૫૦ રહે. મેરૂપર તા.હળવદ વાળા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ ગઈકાલ તા.૨૪/૦૨ના રોજ બપોરે આશરે ૧૨ વાગ્યાના અરસામાં તેઓ ગામમાં નીકળ્યા હતા. તે દરમિયાન ભવાની હાર્ડવેર પાસે આવેલ ઉકેરડા નજીક કોઈ અજાણ્યા માતા-પિતાએ તાજા જન્મેલા શિશુને જીવિત હાલતમાં અથવા તો જન્મ છુપાવવા માટે મૃતદેહનો નિકાલ કરવા ત્યજી દીધું હતું. નવજાત બાળકના મૃતદેહના અમુક ભાગોને શ્વાનો દ્વારા ખાઈ ગયેલ હાલતમાં મળી આવેલ હતું. બનાવ અંગે તરત જ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા મૃતદેહ કબજે લઇ આરોપી અજાણ્યા માતા-પિતા વિરુદ્ધ ગુનો નોંધી, હળવદ પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

# જામનગર ખાતે બેટી બચાવો બેટી પઢાવો કાર્યક્રમ અંતર્ગત બાલિકા પંચાયતના માસ્ટર ટ્રેનર્સ માટે જિલ્લા કક્ષાની તાલીમ યોજાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં દીકરીઓના સશક્તિકરણ અને સામાજિક જાગૃતિ માટે ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા એક નવતર પહેલ કરવામાં આવી છે. 'બેટી બચાવો બેટી પઢાવો' યોજના અંતર્ગત 'બાલિકા પંચાયત'ના અસરકારક અમલીકરણ માટે જામનગરની માનસિક આરોગ્ય હોસ્પિટલના ઓડિટોરિયમ ખાતે જિલ્લા કક્ષાના માસ્ટર ટ્રેનર્સ માટેની વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમનો શુભારંભ જિલ્લા કલેક્ટર અને યોજનાના અધ્યક્ષના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત તાલીમાર્થીઓને સંબોધતા જિલ્લા કલેક્ટરએ જણાવ્યું હતું કે, બાલિકા પંચાયત એ દીકરીઓમાં નેતૃત્વના ગુણો વિકસાવવા અને તેમને નિર્ણય પ્રક્રિયામાં સહભાગી બનાવવાનું એક ઉત્તમ માધ્યમ છે. તેમણે દીકરીઓના સર્વાંગી વિકાસ અને સામાજિક સમાનતા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, તાલીમાર્થીઓએ આ યોજનાના ઉદ્દેશ્યોને છેવાડાના ગામ સુધી પહોંચાડી દીકરીઓને સશક્ત બનાવવી જોઈએ.તાલીમ કાર્યક્રમના સમાપન અવસરે ડેપ્યુટી મેયરએ વિશેષ ઉપસ્થિતિ નોંધાવી હતી. તેમણે બાલિકા પંચાયત સ્તર સુધી તાલીમના માધ્યમથી સશક્તિકરણના પ્રયાસોને વેગ આપવા બદલ મહિલા અને બાળ અધિકારી કચેરીની કામગીરીને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે, જ્યારે દીકરી સશક્ત બનશે ત્યારે જ સમાજ સાચા અર્થમાં સશક્ત બનશે.કન્યા કેળવણી, જાતિ પ્રમાણમાં સુધારો અને કિશોરીઓમાં આત્મવિશ્વાસ વધે તે માટે આ તાલીમ દ્વારા તૈયાર થયેલા માસ્ટર ટ્રેનર્સ હવે ગ્રામ્ય કક્ષાએ બાલિકા પંચાયતના સભ્યોને માર્ગદર્શન આપશે.સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# રાજકોટમાં ૨૭ ફેબ્રુઆરીએ યૂથ એસેમ્બલી અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા યોજાશેઃ સ્પર્ધકોને હાજર રહેવા અનુરોધ

## હેમુ ગઢવી હોલ ખાતે ૧૫થી ૨૯ વર્ષના યુવાનો લોકશાહી અને મતદાનના મૂલ્યો વિશે વિચારો રજૂ કરશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારના ૧૫થી ૧૯ વર્ષના યુવક-યુવતીઓ માટે યૂથ એસેમ્બલી અંતર્ગત એક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. હેમુ ગઢવી હોલ ખાતે ૨૭મી ફેબ્રુઆરીએ સવારે ૮.૩૦ કલાકથી આ સ્પર્ધા શરૂ થશે.

ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તેમજ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ-ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા યૂથ એસેમ્બલી ૨૦૨૫-૨૬ અંતર્ગત આ સ્પર્ધા યોજવામાં આવશે. જેનો હેતુ લોકશાહી શાસન વ્યવસ્થા પ્રત્યે યુવાનોમાં જાગૃતિ લાવવાનો, મતદાનનું મહત્ત્વ સમજાવવાનો અને રાષ્ટ્ર નિર્માણમાં તેમનું યોગદાન વધારવાનો છે. આ સ્પર્ધા માટે જે સ્પર્ધકોની અરજીઓ કચેરીને મળી છે, તેઓને ૨૭મી ફેબ્રુઆરીએ સવારે ૮.૩૦ વાગ્યા સુધીમાં નિયત સ્થળ પર હાજર રહેવા જિલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા અનુરોધ કરાયો છે.

# રાજકોટ બસ સ્ટેશન અને બસમાં ગંદકી કરનારા સામે દંડનાત્મક કાર્યવાહી કરાશે

## કચરો કચરા પેટીમાં નાખવા અને સ્વચ્છતા જાળવવા મુસાફરોને સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, ગુજકોટ વિભાગ દ્વારા તમામ ૧૦ ડેપો ખાતે 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેને સાર્થક બનાવવા માટે રાજકોટ એસ.ટી. ડેપો ઉપર સ્વચ્છતા બાબતે મુસાફરોને સમજ આપવામાં આવે છે. તેમજ ટ્રાફિક કંટ્રોલર દ્વારા સમયાંતરે એનાઉસમેન્ટ કરીને મુસાફરોને સ્વચ્છતા રાખવા બાબતે અનુરોધ કરવામાં આવે છે.

આ ઉપરાંત, બસ સ્ટેશનમાં સ્વચ્છતા જળવાઈ રહે, તે માટે વિભાગીય નિયામક શ્રી એમ. પી. રાજ સહિતના અધિકારીઓ દ્વારા અવારનવાર બસ પોર્ટની મુલાકાત લઈને મુસાફરોની મુસાફરી સુગમ બની રહે, તેવા સતત પ્રયત્નો કરવામાં આવે છે. બસ પોર્ટમાં 'ધ્રુમપાનની મનાઈ છે', 'થૂંકવું નહીં', 'ખિસ્સા કાતરુથી સાવધાન' જેવા સૂત્રો ધરાવતા સાઈન બોર્ડ પણ મૂકવામાં આવ્યા છે. આમ છતાં પણ જો કોઈપણ વ્યક્તિ બસ સ્ટેશન કે બસની અંદર ગંદકી ફેલાવતી હોવાનું જણાશે તો તેની સામે હવે દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

રાજકોટ વોલ્વો મેનેજર શ્રી એન. વી. ડુમ્મર તથા સીનીયર ડેપો મેનેજર શ્રી જી. એચ. ચગના જણાવ્યા મુજબ વિભાગીય નિયામક શ્રી એમ.પી.રાજના માર્ગદર્શન હેઠળ બસ સ્ટેશન, ડેપો પરિસર તથા બસની અંદર કચરો કરનારા, પાન-મસાલાની પિચકારીઓ મારનારા તેમજ ગંદકી ફેલાવનારા સામે દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ધ્રૂમ્રપાન કરનારી વ્યક્તિ પાસેથી રૂપિયા ૧૦૦નો દંડ વસૂલવામાં આવશે, જ્યારે જ્યાં ત્યાં થૂંકનારી વ્યક્તિ સામે રૂપિયા ૨૦૦નો દંડ વસૂલવામાં આવશે. અન્ય રીતે ગંદકી ફેલાવનારા સામે પણ દંડનાત્મક કાર્યવાહી હાથ ધરાશે.

નોંધનીય છે કે સ્વચ્છતા અભિયાનનો હેતુ બસ સ્ટેશન અને બસમાં સ્વચ્છતા જાળવી રાખવાનો છે. જેથી, મુસાફરોને સ્વચ્છ, સુરક્ષિત અને સુવિધાસભર મુસાફ-રીની સુવિધા મળી રહે. ત્યારે દરેક વ્યક્તિએ કચરો માત્ર નિયત કરેલી કચરા પેટીમાં જ નાખવો અને જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવી, તેવી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, ગુજકોટ વિભાગની યાદીમાં સૂચના અપાઈ છે.

# મોટર વાહનોની સીરિઝ GJ-03-PRનું રી-ઓકશન ૨૭ ફેબ્રુઆરીથી શરૂ કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા મોટર વાહનોને લગતી સીરિઝ GJ-03-PRનું રી-ઓકશન તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬થી શરૂ કરાશે. જેમાં ગોલ્ડન-સિલ્વર નંબર મેળવવા માટે ઇચ્છુક વાહનમાલિકો તેમના વાહનનું http://parivahan.gov.in/fancy પર રજીસ્ટ્રેશન કરીને ભાગ લઈ શકશે.

GJ-03-PR અને અગાઉની સીરિઝના ગોલ્ડન-સિલ્વર નંબર મેળવવા માટે તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ સાંજે ૦૪ કલાકથી તા. ૦૩ માર્ચના રોજ સાંજે ૦૪ કલાક દરમિયાન ઓનલાઇન એપ્લિકેશન કરવાની રહેશે. તેમજ તા. ૦૩ માર્ચના રોજ સાંજે ૦૪.૦૧ કલાકથી ૦૫ માર્ચના રોજ સાંજે ૦૪ કલાક સુધી ઓનલાઇન ઓકશનમાં બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા. ૦૫ માર્ચના રોજ સાંજે ૦૪.૧૫ કલાકે પરિણામ ઓનલાઇન જાહેર થશે.

**વાહન નોંધણીની ઓનલાઇન પ્રક્રિયા**

- અરજદારે parivahan.gov.in વેબસાઇટ પર જવાનું રહેશે. ત્યારબાદ વેબસાઇટમાં દર્શાવેલા ઓનલાઇન સર્વિસ પર ક્લિક કરીને fancy number booking પર ક્લિક કરવાનું રહેશે.
- ત્યારબાદ પબ્લિક યુઝર પસંદ કરીને આઈ.ડી. બનાવવાનું રહેશે. ત્યારબાદ સી.એન.એ. ફોર્મ ઓનલાઈન ભરવાનું રહેશે. પસંદગીનો નંબર સિલેક્ટ કરીને દર્શાવેલી ફી પૈકી ઓછામાં ઓછી ફી ભરવાની રહેશે.
- ત્યારપછી હરાજીમાં ભાગ લઈને નંબર મેળવ્યા બાદ ૦૫ દિવસમાં હરાજીની બાકીની રકમ ભરવાની રહેશે.
- હરાજીની રકમ ભર્યા બાદ આર.ટી.ઓ. કચેરીએથી અપ્રુઅલ લઈને નંબર મેળવવાનો રહેશે.
- અરજદારે વાહન ખરીદીના ૦૭ દિવસમાં સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે.

ઉલ્લેખનીય છે કે વાહનનું રજીસ્ટ્રેશન કરાવેલું હોવું જરૂરી છે. વાહન ખરીદી તારીખથી ૦૭ દિવસની અંદર સી.એન.એ. ફોર્મ ઓનલાઈન ભરેલું હોવું ફરજિયાત છે. સમય મર્યાદા બહારની અરજી માન્ય ગણવામાં આવશે નહીં, તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# મોરબીમાં જૂની બોલાચાલીનો ખાર રાખી છુટ્ટા પથ્થરનો ઘા કરી યુવકનું માથું ફોડી નાખ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સામાકાંઠા વિસ્તારમાં કુબેર ટોકીઝ પાછળ યોગીનગરમાં પથ્થરનો છુટ્ટો ઘા કરી માથામાં ગંભીર ઈજા પહોંચાડી હોવાનો બનાવ સામે આવ્યો છે, જેમાં અગાઉની બોલાચાલીનું મનદુઃખ રાખી યુવક ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. હાલ ઈજાગ્રસ્તની ફરિયાદને આધારે બી ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ, મોરબી-૨ યોગીનગર શેરી નં.૭ માં રહેતા ભાવેશભાઈ રતીલાલભાઈ અગેચાણીયા ઉવ.૩૦ ગત તા.૨૩/૦૨ના સાંજે પોતાના ઘર બહાર ખુરશીમાં બેઠા હતા ત્યારે સાત દિવસ પહેલા થયેલ બોલાચાલીનો ખાર રાખી આરોપી અનિલભાઈ સનુરા રહે.યોગીનગર મોરબી-૨ વાળો ત્યાં આવી ફરિયાદી ભાવેશભાઈના માથાના ભાગે છુટ્ટા પથ્થરનો ઘા કરી માથામાં ગંભીર ઈજા પહોંચાડી નાસી ગયો હતો. ઈજાગ્રસ્ત ભાવેશભાઈ તુરંત ખાનગી હોસ્પિટલ ખાતે સારવારમાં પહોંચ્યા જ્યાં, તેઓને માથાના ભાગે ટાકા તથા ફ્રેકચર જેવી ઈજાઓની સારવાર લીધી હતી. હાલ બી ડિવિઝન પોલીસે આરોપી સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડેલાવાળા પરિવાર ને ત્યાં ફૂલ ફાગ રશિયાનો મનોરથ ઉજવાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોંઘીબેન કસ્તુરચંદ ડેલાવાળા પરિવાર તરફથી તારીખ ૨૨/૦૨/૨૬ ના રોજ જશુ મંડાણ ખાતે ફૂલ ફાગ રશિયા અને સાથે ભવ્ય મનોરથ નું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગ પર જગદગુરૂ શ્રીમદ વલ્લભાચાર્ય પ્રાગટ્યપીઠ ગૃહધિપતી સોમયાજી દીક્ષિત અનંત વિભૂષિત પ.પૂ.ગો.શ્રી દ્વારકેશલાલજી મહારાજ શ્રી ની સાંનિધ્યમાં ભવ્ય રશિયા ના કીર્તન નો લાભ મળેલ સાથે ફૂલ ફાગ મહોત્સવ નો લાભ લીધેલ, આ પ્રસંગે બાલ કૃષ્ણલાલજી હવેલી ના કીર્તનકાર શ્રી મંગળદાસભાઈ કારિયા, હસમુખભાઇ ડેલાવાળા, ભરતભાઈ સોની, ઘનશ્યામભાઈ સોની, ચીમનભાઈ લોઢીયા તેમજ કીર્તનીયા મંડળી ના તમામ સભ્યો કીર્તન ની મોજ



કરાવેલ. આ પ્રસંગે રાજકોટ ના મહાનુભાવો પ્રભુદાસભાઈ પારેખ, અશોકભાઈ ઝીંઝુવાડિયા, અશોકભાઈ સોની સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉત્સવનું આયોજન ગુણવંતભાઈ ડેલાવાળા, ડાયાભાઈ ડેલાવાળા, પ્રવીણભાઈ ડેલાવાળા, જયસુખભાઈ ડેલાવાળા, કેતનભાઈ ડેલાવાળા, દીપભાઈ ડેલાવાળા તેમજ સમગ્ર ડેલાવાળાના પરિવારજનોએ હાજરી આપેલ.

# વાંકાનેરના હસનપર ગામે ટ્રેક્ટર હડફેટે મોટરસાયકલ ચાલકનું મોત

## પત્નીની ફરિયાદ આધારે ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના હસનપર ગામની સીમમાં ટ્રેક્ટરની અડફેટે મોટરસાયકલ ચાલકનું મોત નિપજ્યું છે. ત્યારે સમગ્ર અકસ્માત મામલે મૃતકના પત્નીની ફરિયાદને આધારે પોલીસે ટ્રેક્ટર ચાલક સામે ભારતીય ન્યાય સંહિતા તથા મોટર વાહન અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો છે.

વાંકાનેર તાલુકાના હસનપર ગામની સીમમાં શ્રીજી કારખાના પાસે કાચા રસ્તા પર તા.૧૯/૦૨/૨૦૨૬ના રોજ માર્ગ અકસ્માતનો ગંભીર બનાવ બન્યો હતો. જેમાં ફરિયાદી ચંપાબેન કાંતિલાલ પ્રેમજીભાઈ બાબરીયા ઉવ.૪૫ રહે. શક્તિપરા હસનપર તા.વાંકાનેર મૂળ રહે.ટોળ ગામ તા. ટંકારા વાળા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ તેમના પતિ કાંતિલાલ પ્રેમજીભાઈ બાબરીયા ઉવ.૪૭ વાળા મોટરસાયકલ નં. જીજે-૦૩-બીએસ-૯૦૭૯ લઈ ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન આગળ જતા ટ્રેક્ટર રજી.નં. જીજે-૦૩-ઈએ-૪૩૬૩ની સાઈડ કાપી આગળ નીકળવા જતા હોય ત્યારે ટ્રેક્ટર ચાલકે પુરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન ચલાવી મોટરસાયકલને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કાંતિલાલભાઈને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું સ્થળ પર જ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પત્નીની ફરિયાદના આધારે વાંકાનેર સીટી પોલીસ દ્વારા આરોપી ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સરકારી પોલીટેકનિક, રાજકોટ ખાતે રમતગમત સપ્તાહનો શુભારંભ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરકારી પોલીટેકનિક, રાજકોટ ખાતે વિદ્યાર્થીઓને તેમની રમતગમતની પ્રતિભાને વિકસાવવાનો મોકો આપવાના ઉદ્દેશથી ગત તા. ૨૩થી આગામી તા. ૨૭ સુધી સ્પોર્ટ્સ વીકનું આયોજન કરાયું છે. જેનો મહાનુભાવોએ મશાલને પ્રજ્વલિત કરીને શુભારંભ કરાવ્યો હતો.

આ કાર્યક્રમમાં સંસ્થાના આચાર્ય ડો. એ.એસ.પંડ્યાએ શાબ્દિક સ્વાગતમાં ભણતરની સાથે રમતગમતનું મહત્વ સમજાવ્યું હતું. ત્યારબાદ અગ્રણી લક્ષ્મીબેન મિશ્રા તથા રાજકોટ સીટી હ્યુમન રાઈટ્સ કમિશનના ચીફ ઓફિસર પૃથ્વીસિંહ રાણાએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં રમતગમત થકી કૌશલ્ય, ટીમ વર્ક અને સંકલનના પાસાઓને કેળવી શકાય તેમ કહી ખેલાડીઓને પ્રોત્સાહન આપ્યું હતું. સ્પોર્ટ્સ વીકના કો-કન્વીનર પી.ડી.સોરઠીયાએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. આર. જે. રાવલે કર્યું હતું. રમતગમત સપ્તાહના સુચારુ આયોજન માટે સ્પોર્ટ્સ સમિતિના કન્વીનર ડો. એસ. કે. ચારોલા અને તેની ટીમે જહેમત ઉઠાવી છે. ઉલ્લેખનીય છે કે સ્પોર્ટ્સ વીકમાં ક્રિકેટ, બેડમિન્ટન, વોલીબોલ, ચેસ, રુબીક્સ ક્યુબ, કેરમ, વકતૃત્વ સ્પર્ધા, બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ, ડીબેટ, રંગોળી, મહેંદી, વન મિનીટ, જંકયાર્ડ, ક્લાસ ડેકોરેશન, રસ્સાખેંચ, ટ્રેઝર હન્ટ, સિંગિંગ સ્પર્ધા, પોએમ રાઈટીંગ અને





ચેમ્પિયન થ્રુ ચેલેન્જીસ જેવી વિવિધ ઇન્ડોર અને આઉટડોરની કુલ ૧૯ રમતોનો સમાવેશ કરાયો છે. જેમાં આશરે ૯૫૦થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લઇ રહ્યા છે. વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનારા વિદ્યાર્થીઓને ઇનામ તથા પ્રમાણપત્ર અપાશે. આ તકે બી.કે.મોદી ફાર્મસી કોલેજના આચાર્ય ડો. એ.વી.દુધરેજીયા, એ.વી.પી.ટી. ઇન્સ્ટીટયુટના આચાર્ય જી.વી.પરમાર, સંસ્થાના વડાઓ, અધ્યાપકો, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં થશે જ્ઞાન, ભક્તિ અને ધ્યાનનો મહાસંગમ વૈશ્વિક આધ્યાત્મિક ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી ગુજરાતના ત્રણ શહેરોના પ્રવાસે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિશ્વવિખ્યાત આધ્યાત્મિક ગુરુ અને માનવતાવાદી નેતા ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી ૨૫ ફેબ્રુઆરીએ ગુજરાતની પાંચ દિવસીય મુલાકાતે આવી રહ્યા છે. વાસદ, સુરત અને અમદાવાદ ખાતે તેમના આગમનની આતુરતાથી લાખો ભક્તો રાહ જોઈ રહ્યા છે.

ગુરુદેવના પવિત્ર સાન્નિધ્યમાં આ ત્રણેય શહેરોમાં આનંદ, જ્ઞાન અને ભક્તિના અદ્વિતીય તરંગો અનુભવાશે. તેમની આ મુલાકાત દરમ્યાન ખાસ જ્ઞાન સત્રો, જાહેર સત્સંગ, દર્શન અને વિશેષ સંવાદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૫ ફેબ્રુઆરીએ ગુરુદેવ વાસદ સ્થિત આર્ટ ઓફ લિવિંગના ગુજરાત આશ્રમ ખાતે પધારશે. ૨૬ અને ૨૭ ફેબ્રુઆરી દરમિયાન વાસદ આશ્રમમાં ગુરુદેવના સાન્નિધ્યમાં સત્સંગ, ધ્યાન અને વિશેષ જ્ઞાન સત્રો યોજાશે, જેમાં રાજ્યભરના હજારો સાધકો ઉપસ્થિત



રહી જ્ઞાન, શાંતિ અને ભક્તિનો અનુભવ કરશે.


૨૮ ફેબ્રુઆરીએ સુરત અને ૧ માર્ચે અમદાવાદ ખાતે Soaking in Bliss શીર્ષક હેઠળ વિશેષ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ઊંડું આધ્યાત્મિક જ્ઞાન, સંગીત, ધ્યાન અને ગુરુદેવ સાથે લાઈવ સંવાદનો સમાવેશ રહેશે.

અત્યાર સુધીમાં ગુરુદેવની વિશિષ્ટ તણાવમુક્તિ તકનીકોએ વિશ્વના ૧૮૦થી વધુ દેશોમાં ૮૦ કરોડથી વધુ લોકોના જીવનમાં આંતરિક શાંતિ, આરોગ્ય અને સુમેળ પ્રસરાવ્યો છે. આર્ટ ઓફ લિવિંગના સેવા પ્રકલ્પો આંતરિક શાંતિને વ્યવહારુ સેવા સાથે સુમેળમાં જોડે છે. સંસ્થાના સ્વયંસેવકો હજારો નિઃશુલ્ક શાળાઓ અને કૌશલ્ય વિકાસ કાર્યક્રમો દ્વારા વંચિત બાળકો અને યુવાનોને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ પૂરૂં પાડે છે. આપત્તિના સમયમાં વિશાળ રાહત કામગીરી, આરોગ્ય શિબિરો અને ગ્રામ વિકાસ માટેની પહેલો નબળા વિસ્તારોને સશક્ત બનાવે છે. આ ઉપરાંત આર્ટ ઓફ લિવિંગ દ્વારા પર્યાવરણ સંરક્ષણ અંતર્ગત નદી પુનર્જીવન, વૃક્ષારોપણ અને સંવર્ધન, પ્રાકૃતિક ખેતી તથા પાણી સંરક્ષણ જેવા મહત્વપૂર્ણ પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. ગુરુદેવના દ્રષ્ટિકોણ મુજબ જેલ સુધારણા, મહિલા સશક્તિકરણ અને વૈશ્વિક શાંતિ સ્થાપનાના પ્રયાસો સંસ્થાની સેવા પ્રવૃત્તિઓના કેન્દ્રસ્થાને છે જેનો મુખ્ય ધ્યેય સુમેળભર્યું, તણાવમુક્ત અને હિંસામુક્ત વિશ્વ રચવાનો છે

# શ્રી મોરબી નાગરિક સહકારી બેંક દ્વારા સભાસદોને બાકી ભેટ માટે વિગતો નોંધાવવા અપીલ

**મુખ્ય સમાચાર, મોરબી**

શ્રી મોરબી નાગરિક સહકારી બેંક લી., મોરબી દ્વારા સભાસદોને મહત્વપૂર્ણ સૂચના આપવામાં આવી છે. બેંકના ચેરમેન દિપકભાઈ પોપટની યાદીમાં જણાવાયું છે કે જે સભાસદોને હજી સુધી તેમની સભાસદ ભેટ પ્રાપ્ત થઈ નથી, તેઓએ બેંકમાં પોતાની વિગતો નોંધાવવા વિનંતી કરવામાં આવે છે. સભાસદોએ પોતાનું નામ, મોબાઈલ નંબર તથા સભાસદ નંબર તા. ૧૦ માર્ચ સુધીમાં બેંક ખાતે નોંધાવવાનો રહેશે, જેથી બેંક દ્વારા તેમની સભાસદ ભેટ સુપ્રત કરી શકાય. વધુ માહિતી માટે સભાસદો બેંકના કાર્યાલયે, શ્રી લોહાણા વિદ્યાર્થી



ભવન સામે, વસંત પ્લોટ, મોરબી ખાતે સંપર્ક કરી શકે છે. આ સાથે બેંક દ્વારા તમામ સભાસદોને સમયમર્યાદામાં જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબી સમાજનું બંધારણ અને તેના હેતુ, વિચારથી કાર્ય સુધી

## દિનેશભાઈ લોરિયા, જેમણે પોતાની દીકરીના લગ્ન સાથે ૫ અન્ય દીકરીઓના લગ્ન માટે દાતા બની સમાજધર્મ અને સંસ્કારનું જીવંત ઉદાહરણ પૂરું પાડ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

સમાજનું બંધારણ એટલે માત્ર નિયમો કે કાયદાનો બંધોબસ્ત નહીં, પરંતુ સમાજને સંવેદનશીલ રીતે આગળ ધપાવતી મૂલ્યઆધારિત વ્યવસ્થા. સમાજનું બંધારણ સમાજ ચલાવવાના મૂળ સિદ્ધાંતો, નિયમો અને મૂલ્યો પરથી ઊભું રહે છે, જેમાં સમાનતા, સહકાર, સંસ્કાર, જવાબદારી અને પરસ્પર સહાયનો ભાવ મૂળમાં હોય છે. આ તત્વો જ્યારે જીવનમાં ઉતરે છે ત્યારે સમાજ જીવંત બને છે; નહીંતર તે માત્ર સ્વાર્થપ્રધાન ભીડ બની રહે છે.

સમાનતા સમાજની રીઢ છે. કોઈ વ્યક્તિ ધન, હોદ્દો કે પ્રતિષ્ઠાના આધારે મોટી-નાની ન ગણાય એ જ સમાનતાની સાચી સમજ છે. સમાનતા સાથે સહકાર જોડાયેલો છે. ''હું''માંથી ''અમે'' તરફનો વિચાર સહકારને જન્મ આપે છે.

જ્યારે દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા પ્રમાણે યોગદાન આપે છે અને જરૂર પડે ત્યારે એકબીજાને સહારો આપે છે, ત્યારે જ સમાજમાં વિશ્વાસ અને એકતા ટકીને રહે છે. સંસ્કાર સમાજના બંધારણનું આત્મતત્વ છે. સંસ્કાર એટલે દેખાડો નહીં, પરંતુ સંયમ, સંવેદના અને સદભાવ. આજના સમયમાં પ્રસંગોને અતિશય ખર્ચ અને સ્પર્ધાનો વિષય બનાવવામાં આવે છે, ત્યારે સંસ્કાર ધીમે ધીમે ખોવાઈ જાય છે. પરંતુ જ્યારે કોઈ વ્યક્તિ પોતાના આનંદના પ્રસંગને સમાજહિત સાથે જોડે છે, ત્યારે સંસ્કાર જીવંત રહે છે. જવાબદારી પણ એટલી જ મહત્વની છે. સમાજમાં રહેતો દરેક વ્યક્તિ માત્ર અધિકાર નહીં, પરંતુ કર્તવ્યની સમજ ધરાવે એ જ સાચું સમાજબંધારણ છે.

આ વિચારને કાર્યરૂપ આપતી ઉમા આદર્શ લગ્ન જેવી પહેલ સમાજના બંધારણનો સજીવ ભાગ છે. આ યોજના સ્પષ્ટ સંદેશ આપે છે કે જેમને સંપત્તિ છે તેઓ પોતાના પ્રસંગે સંયમિત ખર્ચ કરીને સમાજહિતમાં યોગદાન આપી શકે. પરિણામે મધ્યમ અને જરૂરિયાતમંદ પરિવારોને આર્થિક બોજ વિના, સ્વાભિમાન સાથે જીવનની નવી શરૂઆત કરવાની તક મળે છે. આ વિચારને જીવંત ઉદાહરણ રૂપે દિનેશભાઈ ભીમજીભાઈ લોરિયાનું કાર્ય સમાજ માટે પ્રેરણાસ્રોત છે. પોતાની લાડકી દીકરી દેવાંશીના પવિત્ર લગ્ન તેઓ ધામધૂમથી ઉજવી રહ્યા છે, સાથે સાથે સમાજ પ્રત્યેની પોતાની પવિત્ર ફરજ પણ નિભાવી રહ્યા છે. પોતાની ખુશીના પ્રસંગે ઉમા આદર્શ લગ્ન યોજનામાં પાંચ દીકરીઓના લગ્ન માટે દાતા બનીને તેમણે માત્ર સહાય નથી કરી, પરંતુ સમાજધર્મ અને સંસ્કારનું જીવંત ઉદાહરણ પૂરું પાડ્યું છે. જ્યાં એક તરફ પોતાની દીકરીના લગ્નની ખુશી છે, ત્યાં બીજી તરફ અજાણી દીકરીઓના જીવનમાં ખુશીના દીવા પ્રગટાવવાનો મહાન સંકલ્પ છે. આવો ઉદાર અને કરુણાભર્યો ભાવ સમાજના બંધારણને મજબૂત બનાવે છે. અહીં જરૂરિયાતમંદને દયા નહીં, પરંતુ સન્માન મળે છે અને સમૃદ્ધને દાન નહીં, પરંતુ જવાબદારીની અનુભૂતિ થાય છે. અંતે, સમાજના બંધારણનો હેતુ માત્ર વ્યવસ્થા જાળવવાનો નથી, પરંતુ માનવીને માનવી તરીકે વિકસાવવાનો છે. સમૃદ્ધનો સહયોગ અને જરૂરિયાતમંદનો સન્માન આ જ સાચું સમાજબંધારણ.

# કાલથી રાજયના ૧૫.૨૮ લાખથી વધુ વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભાવીની કસોટી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલ તા.૨૬ને ગુરુવારથી ધો.૧૦ અને ૧૨ (વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ)ની પરીક્ષાનો પ્રારંભ થનાર હોય રાજકોટ જિલ્લા સહિત રાજયભરમાં ૧૫.૨૮ લાખથી વધુ વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભાવીની કસોટી શાંતીપૂર્ણ વાતાવરણમાં લેવાય તે માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં છે. રાજકોટ શહેર-જિલ્લાના ૮૦૨૪૮ સહિત સૌરાષ્ટ્રના ૩.૭૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ બેસનાર છે બોર્ડની પરીક્ષામાં આ વખતે ગત વર્ષની સાપેક્ષમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થવા પામેલ છે.

રાજયમાં બોર્ડની આ પરીક્ષા માટે ૧૭૦૧ કેન્દ્રોના ૫૫૬૫ શાળાઓન બિલ્ડીંગોના ૫૩૭૬૪ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ વખતે નવા ૪૦ પરીક્ષા કેન્દ્રોનો વધારો થવા પામેલ છે. રાજકોટમાં ૧૨ સહિત રાજયમાં ૯૯ જેલના કેદીઓ પણ આ પરીક્ષામાં નસીબ અજમાવનાર છે. બોર્ડની આ પરીક્ષા સંદર્ભે રાજકોટમાં કરણસિંહજી હાઈસ્કૂલ તથા રાજયમાં જિલ્લા મથકો પર આજથી કંન્ટ્રોલરૂમ ધમધમતા કરી દેવામાં આવેલ છે.તેમજ સંવેદનશીલ પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત પોલીસબંદોબસ્ત ગોઠવવામાં આવનાર છે.

# મોરબીમાં સાંસદ વિનોદભાઈ ચાવડાના અધ્યક્ષસ્થાને દિશા સમિતિની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરિંગ કમિટી (દિશા)ની બેઠક કચ્છ-મોરબી વિસ્તારના સાંસદ વિનોદભાઈ ચાવડાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં જીલ્લામાં ચાલી રહેલી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને માળખાગત સુવિધાઓના કામોની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં અધ્યક્ષ દ્વારા ડિસેમ્બર-૨૦૨૫ ના અંત સુધીમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલી ભૌતિક અને નાણાકીય કામગીરીની ઝીણવટભરી સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. સાંસદે આ તકે VB - GRAM G, NRLM - 2, પ્રધાનમંત્રી આવાસ યોજના, સાંસદ આદર્શ ગ્રામ યોજના, સ્વચ્છ ભારત મિશન, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અને સોઈલ હેલ્થ કાર્ડ, મહિલા અને બાળ સુરક્ષા, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને માતૃ વંદના યોજના, પીએમ પોષણ અને પીએમ કૌશલ્ય યોજના, પીએમ રોજગાર નિર્માણ કાર્યક્રમ સરકારી યોજનાઓની સમીક્ષા કરી હતી. ઉપરાંત આ યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી સમયસર અને પારદર્શક રીતે પહોંચે તે સુનિશ્ચિત કરવા ઉપસ્થિત અધિકારીઓને તાકીદ




## જન કલ્યાણકારી યોજનાઓના અસરકાર અમલીકરણ અને તેના લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા સાંસદની તાકીદ

કરી હતી.

આ બેઠક દરમિયાન જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, મોરબી મહાનગર પાલિકા અને જીલ્લાની નગરપાલિકાઓ, માર્ગ અને મકાન વિભાગ, પાણી પુરવઠા, આરોગ્ય, શિક્ષણ અને ખેતીવાડી જેવા મહત્વના વિભાગોના વડાઓએ પોતપોતાના વિભાગની સિદ્ધિઓ અને પ્રગતિ હેઠળના કામોનો વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો હતો. જે અન્વયે કેન્દ્ર અને રાજ્ય સરકારની સંયુક્ત યોજનાઓના અસરકારક અમલીકરણ માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું અને જીલ્લાના સર્વાંગી વિકાસ માટેના જરૂરી રચનાત્મક સૂચનો કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેઘી, મોરબી તાલુકા પંચાયત પ્રમુખ અશોકભાઈ દેસાઈ, જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશ પટેલ, ઇન્ચાર્જ જીલ્લા વિકાસ અધિકરી અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એન.એસ. ગઢવી, નિવાસી અધિક કલેકટર એસ.જે. ખાચર, મોરબી મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશ્નર સંજય સોની, પ્રાંત અધિકારીઓ, નગરપાલિકાના ચીફ ઓફિસરો તથા વહીવટી તંત્રના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હળવદના જુના દેવળીયા ગામે ૩૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો ઝડપાયો, આરોપી ફરાર

હળવદ પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળેલ કે, જુના દેવળીયા ગામે રહેતો રસિક ભીખાભાઈ કોળી વોકળામાં તળાવની પાળ પાસે દેશી દારૂની ભઠ્ઠી ચલાવે છે, જેથી તુરંત હળવદ પોલીસ ટીમે ઉપરોક્ત સ્થળે રેઈડ કરતા જ્યાંથી દેશી દારૂ બનાવવામાં ઉપયોગમાં આવતો ઠંડો આથો લીટર ૩૦૦ કિ.રૂ.૭,૫૦૦/- મળી આવ્યો હતો. રેઇડ દરમીયાન આરોપી રસિક ભીખાભાઈ કોળી રહે.જુના દેવળીયા તા.હળવદ વાળો હાજર નહીં મળી આવતા પોલીસે તેને આ કેસમાં વોન્ટેડ જાહેર કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

# પાટણવાવમાં ગાંજાનું વાવેતર કરનાર ખેડૂતની ધરપકડ

## ગ્રામ્ય એસઓજીની ટીમે દરોડો પાડી રૂ.૮.૬૪ લાખની કિંમતના ગાંજાના ૧૭ કિલો લીલા છોડ કબ્જે કર્યા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તાલુકાના પાટણવાવ ગામે ગ્રામ્ય એસઓજીની ટીમે ખેતરમાં દરોડો પાડી વાડીમાં કરેલા ગાંજાના વાવેતરને ઝડપી લઇ રૂ.૮.૬૪ લાખની કિંમતના ગાંજાના લીલા છોડ કબ્જે લઇ ખેડૂતની ધરપકડ કરવામાં આવી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગ્રામ્ય એસઓજીની ટીમના પીઆઇ એફ.એ.પારગીની સુચનાથી પીએસઆઇ જી.જે.ઝાલા, એએસઆઇ પરબતભાઇ, વિપુલભાઇ, હેડ. કોન્સ. ક્રિપાલસિંહ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે હકિકત મળી હતી કે, રાજકોટના પાટણવાવ ગામે ચોરા પાસે રહેતા કાંતિલાલ ઉર્ફે રઘા નાનજી સોજીત્રા (ઉ.વ.૬૫) નામના પટેલ ખેડૂતે પોતાની વાડીમાં ગેરકાયદે વનસ્પતીજન્ય માદક પદાર્થ (ગાંજા)ના છોડનું વાવેતર કર્યુ હોવાની હકિકતના આધારે ગ્રામ્ય એસઓજીની ટીમે ઉપરોકત સ્થળે દરોડો પાડતા વાડીમાં વાવેલ ગાંજાના લીલા છોડ વજન ૧૭ કિલો ર૯૭ ગ્રામ કિંમત રૂ.૮.૬૪ લાખનો જથ્થો મળી આવતા પોલીસે ગાંજાના લીલા છોડનો જથ્થો કબ્જે કરી વાડી માલીક કાંતિલાલ ઉર્ફે રઘા પટેલની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વાવડીમાં એપાર્ટમેન્ટના ૧૩મા માળેથી યુવતી પડતુ મુકે તે પહેલા બચાવી લેવાઈ

## અકારણ આપઘાતનો પ્રયાસઃ પોલીસે તપાસ હાથ ધરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાવડી વિસ્તારમાં આવેલા એક હાઈટ્સના ૧૩માં માળેથી યુવતીએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.પરંતુ ભારે જહેમત બાદ તેના પરિવારે તેને બચાવી લીધી હતી. જે ઘટનાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો છે. ઉલ્લેખનિય છે કે હજુ સુધી સત્તાવાર પોલીસમાં કોઈ નોંધણી થઈ નથી.

વાવડીમાં આવેલ સુરભી પોસિબલ હાઈટ્સના ૧૩માં માળેથી સમીસાંજે એક યુવતી આત્મહત્યા કરવા જઈ રહી હતી.જે બનાવની તેના પરિવારને જાણ થતા તુરંત દોડી જઈ તેણી નીચે પટકાય તે પૂર્વે તેને પકડી રાખી ભારે જહેમત બાદ સહિસલામત ફલેટમાં પરત લીધી હતી જો કે સમગ્ર ઘટનાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો છે. આપઘાતનો પ્રયાસ કરનાર યુવતી કોણ છે અને શા માટે પગલું ભરી રહી છે તેની સત્તાવાર પોલીસમાં પણ કોઈ માહિત ન હોવાનું જાણવા મળ્યું છે. હાલ વાયરલ થયેલા વિડીયો બાદ તાલુકા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# રીક્ષામાં બેઠેલા પેસેન્જરના પૈસા ચોરી કરનાર મહિલા સહિત ત્રિપુટી ઝડપાઈ

## ક્રાઈમ બ્રાન્ચે ૧૪ ચોરીનો ભેદ ઉકેલ્યો, રૂ.૧.૪૪ લાખનો મુદ્દામાલ કબજે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં બસસ્ટેન્ડ જવા રીક્ષામાં બેઠેલા અમદાવાદના બે ભાઈઓના રૂ.૩૫ હજાર સેરવી લીધા હોવાની ફરિયાદ પરથી પોલીસે ગુનો નોંધ્યો હતો.દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચે રીક્ષા ગેંગની મહિલા સહિત ત્રિપુટીને ઝડપી લઈ ચૌદ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે.

અમદાવાદ ચાંદલોડીયામાં મકાન-૩૬ ચિત્રકુટ રો હાઉસ બાપા સિતારામ મંદિરની બાજુમાં ગોતા રોડ પર રહેતા જિતેન્દ્ર પરમાભાઈ ચૌહાણે રાજકોટ થોરાળા પોલીસમાં અજાણ્યા રીક્ષા ચાલક સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત.તા.૧૭ના તે અને તેના ભાઈ પોતાના ગામ કોચાડાથી ટ્રેકટરમાં લોર્ડર બનાવવાનું હોવાથી શહેરના ૮૦ ફૂટ રોડ પર મુકવા આવ્યા હતા.બાદ બન્નેને દ્વારકા જવું હોવાથી ગંજીવાડા ચોકી પાસેથી એક રીક્ષામાં બેઠા હતા.જેમાં અગાઉથી દંપતિ બાળક સાથે બેઠું હતું.રીક્ષા ભાવનગર રોડ પર પહોંચતા ચાલકે કહ્યું તમે અહીં ઉભા રહો હું અહીંયા નજીકમાં પાછળ બેઠેલા પેસેન્જરને ઉતારી આવવું જે બાદ બન્ને ભાઈઓ ઉતરી ગયેલ તે દરમ્યાન યુવકના ખભા પર રહેલી થેલીની ચેઈન ખુલ્લી હોય જેથી અંદર તપાસ કરતા પાકીટ મળેલ ન હતું. જેમાં જરૂરીડોકયુમેન્ટ, ૪ એટીએમ કાર્ડ અને રોકડ રૂ.૩૫ હજાર રાખેલ જે રીક્ષા ગેંગે નજર ચુકવી સેરવી લીધા હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ પેટ્રોલીંગ હતો ત્યારે રીક્ષામાં પેસેન્જરોને બેસાડી પૈસા તફડાવતી ગેંગની સાગરીત ભગવતીપરા ચોકી પાસે શેરી નં ૪માં રહેતી હિના શરીફ મેમણ, નવાગામ રંગીલા સોસાયટી ૫૦ વારીયામાં રહેતો વિરલ ઉર્ફે વિરૂ ગોવિંદ ઉદેશ, અને આરટીઓ પાસે માલધારી સોસાયટી શેરી નં ૩માં રહેતો કિશન ઉર્ફે કિસલો મગન ભાંભળીયા સહિતને દબોચી રોકડ રૂ.૨૪ હજાર તથા રીક્ષા સહિત કુલ રૂ.૧.૪૪ લાખનો મુદ્દામાલ કબજે લઈ પૂછ્તાછ કરતા દોઢ માસમાં પેસેન્જરોને બેસાડી તેની નજર ચુકવી કુલ ૧૪ લોકોના પૈસાની ચોરી કરી હોવાની કબુલાત આપતા પોલીસે વિશેષ તપાસ યથાવત રાખી છે.

# કાલાવાડ રોડ ઉપર ક્રિષ્ટલ મોલ પાસે અકસ્માતના કેસમાં BMW કાર ચાલકના આગોતરા જામીન નામંજૂર

## CCTV ફુટેજમાં ફુલ સ્પીડ અને આરોપીએ નશો કર્યાની વકીલની દલીલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પર આવેલા ક્રિસ્ટલ મોલ પાસે બીએમડબલ્યુ કારે બાઈકને હડફેટે લઈ સર્જેલા અકસ્માતમાં યુવકના મોત નીપજવાના બનાવમાં એફએસએલ, સીસીટીવી ફૂટેજ, મેડિકલ રિપોર્ટ આવી જવાને પગલે મૃતકના પરિવાર દ્વારા પોલીસ કમિશનરને કરેલી રજૂઆત બાદ હિટ એન્ડ રનની કલમ બીએનએસ ૧૦૫ અને એમવી એક્ટ ૧૮૫નો કરેલો ઉમેરો થયા બાદ કારચાલક આત્મન પટેલે પોલીસ ધરપકડની દેહસતથી કરેલી આગોતરા જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે.

આ અંગેની હકીકત મુજબ શહેરના કોઠારીયા રોડ નજીક આવેલ નંદાહોલ પાસે અર્જુન પાર્કમાં રહેતો એન્જિનિયરિંગનો વિદ્યાર્થી અભિષેક નરેન્દ્રભાઈ નાથાણી ગત તા. ૧૦/૧૧/૨૦૨૫ ના રોજ વહેલી સવારે સ્કૂટર લઈ કાલાવડ રોડ પર આવેલા ક્રિસ્ટલ મોલ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પૂરપાટ ઝડપે આવતી બીએમડબલ્યુ કારે ઠોકરે લેતા સર્જાયેલા અકસ્માતમાં અભિષેક નાથાણીને ગંભીર ઈજાને પગલે મૃત્યુ નિપજયુ હતુ. બાદ ફરીયાદી કેવલ લાખાણીએ પોલીસ કમિશનર સહિત અધિકારીને લેખિત રજૂઆત કરી બનાવ હિટ એન્ડ રનનો હોય અને સીસીટીવી ફૂટેજ તપાસમાં સામેલ રાખવા અંગે તેમજ બીએનએસ કલમ ૧૦૫નો ઉમેરો કરવા માંગ કરી હતી. મૃતક યુવકના ભાઈએ ફરીયાદ કરતા આરોપી આત્મન પટેલનું બ્લડ સેમ્પલ લેવામાં આવ્યું હતું. તપાસનીશ દ્વારા તારીખ ૫ /૨ /૨૬ના રોજ અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યા બાદ બ્લડ સેમ્પલનો રિપોર્ટ આવતા જેમાં આરોપી આત્મન પટેલના બ્લડ સેમ્પલમાંથી આલ્કોહોલની હાજરી મળી આવેલી હતો.

સંબંધિત પુરાવો મળી આવતા પોલીસે તારીખ ૧૨/ ૨/ ૨૬ના રોજ હિટ એન્ડ રન અંગેની કલમનો ઉમેરો કરવા અદાલત સમક્ષ અરજી કરી હતી. આ અંગે આરોપી આત્મન પટેલને જાણ થતાં તેઓએ ધરપકડથી બચવા સેશન્સ અદાલત સમક્ષ આગોતરા જામીન અરજી કરી હતી. જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર તરફથી આગોતરા જામીન અરજી અંગે સખત વિરોધ કરી એ.પી.પી. દ્વારા થયેલી રજૂઆતો મૂળ ફરિયાદીના વકીલે કરેલી રજૂઆતોમાં આરોપીના બ્લડ સેમ્પલમાંથી આલ્કોહોલની હાજરી મળી આવેલી હોય, આરોપી પૂરઝડપે બેફિકરથી બીએમડબલ્યુ કાર પૂરઝડપે ચલાવતા હોય તેમજ અકસ્માત સ્થળેથી સ્કૂટર ૨૩૦ ફુટ દૂર ફંગોળાઈ ગયેલ અને મૃતકનો મોબાઈલ સ્કૂલના કમ્પાઉન્ડમાંથી મળી આવેલ હતો. જેથી કારની સ્પીડ કેટલી હોય જેનો અંદાજ આવી શકે તેમ છે. તેમજ આરોપીને આગોતરા જામીન આપી શકાય તેમ ન હોય તે અંગેના સર્વોચ્ચ અદાલતોના ચુકાદાઓ રજૂ રાખવામાં આવેલ હતા. તમામ પક્ષ પક્ષ દ્વારા થયેલી રજૂઆતો ધ્યાને લઈ સેશન્સ અદાલત દ્વારા આરોપીની આગોતરા જામીન અરજી રદ કરવામાં આવી છે.

# કિશાનપરા ચોકમાં શર્ટ ઉતારી રસ્તો બ્લોક કર્યો : ૧૬ની ટીંગાટોળી સાથે અટકાયત

## દારૂ-ડ્રગ્સના વધતા દૂષણ સામે NSUIનું ઉગ્ર વિરોધ પ્રદર્શનઃ રસ્તા રોકો આંદોલન સમયે કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ





તસવીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં નેશનલ યુનિયન સ્ટુડન્ટ ઓફ ઇન્ડિયા દ્વારા કિશાનપરા ચોક ખાતે ઉગ્ર વિશોધ કરવામાં આવ્યો હતો. વધતા જતા દારૂ અને ડ્રગ્સના દુષણો સામે નશામુક્ત ગુજરાત'ની માંગ સાથે અર્ધનગ્ર હાલતમાં વિરોધ કરતા પોલીસે ૧૬ જેટલા કાર્યકરોની ટીંગાટોળી કરીને અટકાયત કરી હતી.

આ અંગે NSUI પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યુ હતુ કે, ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર છે અને ડ્રગ્સનું નેટવર્ક શાળા-કોલેજો સુધી પહોંચી ગયું છે. જે રાજ્યના ભવિષ્ય માટે અત્યંત જોખમી છે. અમો 'નશામુક્ત ગુજરાત'ની માંગ કરીએ છીએ અને પોલીસ તંત્ર તેમજ સરકાર આ મામલે કડક પગલાં ભરે તેવી રજૂઆત કરીએ છીએ. ગુજરાતની પવિત્ર ધરા પર આજે ગલીએ ગલીએ દારૂ અને ડ્રગ્સ મળી રહ્યા છે. યુવાધન નશાના રવાડે ચડી રહ્યું છે ત્યારે અમે આ પ્રતીકાત્મક વિરોધ કર્યો છે. જો આગામી દિવસોમાં કડક કાર્યવાહી નહીં થાય તો સમગ્ર રાજ્યમાં ઉગ્ર આંદોલન કરશે.

આ વિરોધ પ્રદર્શનમાં રાજકોટ શહેર અને જિલ્લા ના વિવિધ હોદ્દેદારો, કોલેજના વિદ્યાર્થી નેતાઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા. જોકે આ દરમિયાન પોલીસે વિરોધ કરી રહેલા ૧૬ કાર્યકર્તાઓની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી. આ સમયે એન.એસ.યુ.આઈ.ના કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ સર્જાયુ હતુ અને રસ્તાપર ટ્રાફિક જામના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા.

# શહેરમાં ૨૦ હજારની ૫૦૦ની નવી નોટો જોઈએ છે કહી ત્રણ બેંકમાંથી ૫૦ હજારની ચોરી

## તસ્કરે ચોરી કરવાનો નવો કિમીયો અપનાવ્યો : એ ડીવીઝન અને યુનિવર્સિટી પોલીસે તસ્કર સામે ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં તસ્કરે ચોરી કરવા નવો કિમીયો અપનાવી ત્રણ બેંકમાંથી કુલ રૂ. ૫૦ હજારની ચોરી કરી હોવાથી એ ડીવીઝન અને યુનિ.પોલીસ ગુનો નોંધી સીસીટીવી આધારે શોધખોળ હાથ ધરી છે.

મૂળ મહારાષ્ટ્રના હાલ યાજ્ઞિક રોડ પર આવેલ પદ્મશ્રી એપાર્ટમેન્ટ ફલેટ નં ૩૦૧માં રહેતા અને ભુપેન્દ્રરોડ પર આવેલી ફેડરલ બેંકમાં બાંચ મેનેજર તરીકે નોકરી કરતા અમોલ ગજાનન સાતરોઠેએ એ ડીવીઝન પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત.તા.૨૧ના બપોરે એક અજાણ્યો ઈસમ કેશીયર કાઉન્ટર પાસે જઈ નોકરી પર રહેલા જયોતિબેન મકવાણાને કહ્યું કે મારે રૂ.૨૦ હજારની ૫૦૦ વાળી નોટ જોઈએ છે અને હું તમને ૨૦ હજારની ૨૦૦ વાળી નોટ આપી છું.જેથી કેશીયરે હા પાડી બાદ ૫૦૦ ની ચાલીસનો આપતા શખસે કહ્યું કે આ બધી જુની નોટો છે મારે ફેશ જોઈએ છે કહી ૫૦૦ની નોટો પરત આપી દીધેલ બાદ કેશીયર ટેબલના ખાનામાં ફ્રેશ નોટો શોધતા હતા.ત્યારે શખસે કેશીયરની નજર ચુકવી ૨૦૦ વાળી નોટનું બંડલ પોતાના ખિસ્સામાં નાખી દીધેલ બાદ ૨૦૦ વાળું બંટલ ન મળતા કેશીયરે મને આવીને વાતચીત કરેલ જેથી સીસીટીવી તપાસતા તે શખસ કેશીયરની નજર ચુકવી રૂ.૨૦૦ વાળીનું બંડલ ચોરી ગયો હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધ્યો છે. તેમજ લક્ષ્મીવાડી શેરી નં ૯/૧૦ નોખુણે રહેતા અને ઉજીવન સ્મોલ ફાઈનાન્સ બેંકમાં નોકરી કેશીયર તરીકે નોકરી કરતા રીયાબેન વિમલભાઈ ચૌહાણે અજાણ્યા શખસ સામે એ ડીવીઝનમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત.તા.૨૦ના એક અજાણ્યો ૫૦૦ની ફેશ નોટ લેવા આવેલ તેના બદલામાં તે ૨૦૦ વાળી નોટ આપશે તેમ કહેલ જેથી તેને ૫૦૦ની ફેશ નોટો આપતા શખસે કહ્યું કે હવે તેને કોઈ પૈસા જોતા નથી મારૂ ૨૦૦નું બંડલ પરત આપો કહી તેને ૫૦૦ નોટો આપેલ જે મે ગણયા વગર ખાનામાં રાખી દીધેલ બાદ ૨૦ હજારની હિસાબમાં ઘટ આવતા કેમેરા તપાસતા શખસ નજર ચુકવી સેરવી ગયો હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધ્યો છે.

અને સાધુવાસવાણી રોડ પર શ્રી વલ્લભ એપાર્ટમેન્ટ બ્લોક નં એ-૪૦૧માં રહેતા અને આઈસીઆઈસી બેંકમાં નોકરી કરતા અમીત મનસુખ ઘેટીયાએ યુનિ. પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત.તા.૨૧ના એક અજાણ્યાએ બેંકમાં આવી નોટો બદલવાના બહાને ૫૦૦ના બંડલમાંથી રૂ.૧૦ હજારની નોટો સેરવી લીધી હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# પોલીસ દોડની પરીક્ષા આપવા આવેલી યુવતીનો આપઘાત

## બહેનપણીના ઘરે રાત્રે રોકાઈ હતીઃ સવારે યુવતી લટકતી હાલતમાં મળી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ પોલીસ દોડની પરીક્ષા આપવા આવેલી ભાટીયાની યુવતીએ બહેનપણીના ઘરે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. બહેનપણી રાત્રે તેના સંબંધીના ઘરે ગઇ હતી જયાથી સવારે પરત - આવતા યુવતી લટકતી હાલતમાં મળી આવી હતી. ગુરુવારે તેની દોડની પરીક્ષા હતી તે પૂર્વેજ આ પગલુ ભરી લેતા પરિવારમાં શોકની લાગણી છ્વાઈ જવા પામી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ દેવભૂમિ દ્વારકાના ભાટીયા ગામે રહેતી રીતુ દેવાભાઈ કાબરીયા (ઉ.વ.૨૧)નામની આહીર યુવતી પોલીસ ભરતીની પરીક્ષા કરતી હતી અને આગામી તા.૨૬ના રોજ રાજકોટમાં મવડી પોલીસ હેડકવાર્ટર ખાતે પોલીસ દોડની પરીક્ષામાં તેનો નંબર આવ્યો હોય જેથી તેણી દોડની પરીક્ષા આપવા રાજકોટ આવી હતી અને મુંજકા ગામે રહેતી તેની બહેનપણી હીના રાઠોડના ઘરે રોકાઈ હતી. દરમ્યાન ગઈકાલે રાત્રે હીના રાઠોડ તેના સંબંધીના ઘરે કામ અર્થે ગઇ જયાથી સવારે પરત તેના ઘરે આવતા દરવાજો બંધ હોય ખટખાવવા છ્તા દરવાજો ન ખોલતા પાડોશીની મદદ લઈ દરવાજો તોડતા અંદરથી રીતુ લટકતી હાલતમાં મળી આવી હતી.રાત્રીના સમયે ઘરેમાં એકલી રહેલી રીતુએ પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતા યુનિવર્સિટી પોલીસ મથકના સ્ટાફે ઘટના સ્થળે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પુત્રીના મોતની જાણ થતા પરિવારજનો પણ ભાટિયાથી રાજકોટ દોડી આવ્યા હતા પ્રાથમિક તપાસમાં મૃતક રીતુ ત્રણ બહેનમાં વચેટ અને તેના પિતા ખેતી કામ કરતા હોવાનુ જાણવા મળ્યુ છે. તેણીએ દોડનો પરીક્ષા પૂર્વે જ આ પગલું શા માટે ભરી લીધું ? તે અંગેનું કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકુમાર કોલેજના સિક્યોરિટી ગાર્ડ ઉપર પૂર્વ કર્મચારીનો હુમલો

## સિકયુરીટી ગાર્ડે જ નોકરીમાંથી કઢાવી મુક્યાની શંકા રાખી શખ્સે છરીનો ઘા ઝીંકી દીધો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકુમાર કોલેજના ગેઈટ નંબર-૨ પાસે ફરજ બજાવતા સિકયુરીટી ગાર્ડ પર તેણે નોકરીમાંથી કઢાવી મુક્યાની શંકા રાખી પુર્વ કર્મચારી શખ્સે છરી વડે હુમલો કરતાં ચકચાર જાગી છે. સિક્યુરીટી ગાર્ડ સારવાર માટે દાખલ થતાં પોલીસે કાર્યવાહી કરી છે.

નાના મવા રોડ નહેરુ નગરમાં રહેતા અને રાજકુમાર કોલેજમાં સિક્યોરિટીની નોકરી કરતા રજનીશભાઇ લક્ષ્મણભાઈ સોંદરવા (ઉ.વ.૩૬)ને નોકરી પરથી કઢાવ્યાની શંકાએ અમિત પરમાર નામના શખ્સે છરીના આડેધડ ઘા ઝીંકી દેતા તેમને સારવાર માટે સિવિલમાં ખસેડાઈ છે.

ફરિયાદ મુજબ આરોપી અમિત પરમારને અગાઉ સિક્યુરીટી એજન્સીએ નોકરીમાંથી કાઢી મૂકયો હતો. આ બાબતનો ખાર રાખીને તે ઉશ્કેરાયેલી હાલતમાં આવ્યો હતો અને કઈ પણ બોલ્યા વગર રજનીશભાઈ પર છરી વડે તૂટી પડયો હતો અને આડેધડ ઘા મારી પેટ, મોઢા, ગળા પર ઈજા કરી ભાગી ગયો હતો.

રજનીશભાઈની બૂમાબૂમ સાંભળી સાથે કામ કરતા ઈન્દુબેન અને લોહીલુહાણ જેન્તીભાઈ દોડી આવ્યા હતા અને હાલતમાં રજનીશભાઈને તુરંત સિવિલ હોસ્પિટલ ખસેડયા હતા, જ્યાં તેમને ટાંકા આવ્યા છે અને હાલ સારવાર હેઠળ છે.

રણજીતભાઈએ જણાવ્યું હતું કે અમિતના કપડા કબાટમાં હોઇ તે તેણે મંગાવતાં મેં શેઠ સાથે મોકલ્યા હતાં. આ પછી તેણે પોતાના કપડામાંથી પૈસા ચોરાઇ ગયા છે તેવો આક્ષેપ કરી મારી સાથે માથાકુટ કરી હોઈ તેના કારણે તેને સાત દિવસ પહેલા નોકરીમાંથી છુટો કરાયો હતો. આ વાતનો ખાર રાખી રાતે અચાનક આવ્યો હતો અને મારા પર તૂટી પડયો હતો. પ્ર.નગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# નંદનવન સોસાયટીમાં કચરામાં ફેંકી દેવાયેલી નવજાત મૃત બાળકી મળી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગરોડ પર નાણાવટી ચોક પાસે આવેલી નંદનવન સોસાયટીમાં કચરાના ઢગલામાંથી બે વર્ષની નવજાત બાળકીનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. બનાવની જાણ થતા પોલીસે ઘટના સ્થળે દોડી જઈ કપડામાં વેટાયેલો બે વર્ષની બાળકીનો મૃતદેહ પીએમ અર્થે ખસેડી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ નાણાવટી ચોક પાસે નંદનવન સોસાયટીમાં નાઈટ એવન્યુ બિલ્ડિંગની સામે જાળીમાં કચરાના ઢગલામાંથી નવજાત બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવને પગલે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. આ અંગે પોલીસને જાણ કરવામાં આવતા યુનિવર્સિટી પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ કીરીટ રામાવત સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. કચરાના ઢગલામાં કપડામાં વિટાયેલો મૃતદેહ બહાર કાઢી પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. તબીબો દ્વારા આ નવજાત બાળકી બે દિવસની હોવાનુ જણાવ્યુ હતુ પોલીસે નવજાત મૃત બાળકીને કોણ ફેંકી ગયું ? તે અંગે આસપાસના સીસીટીવી ફુટેજના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. બાળકીને ત્યજી દેનાર અજાણી સ્ત્રી વિરુધ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# સાંઈબાબા સહિત બે મંદિરમાં ચોરી કરનાર રીઢો તસ્કર ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે રણછોડનગરમાં આવેલા સાઈબાબા મંદિર અને આજીવસાહતમાં આવેલા બહુચરાજી મંદિરમાંથી ચોરી કરનાર રીઢા તસ્કરને પોલીસે ઝડપી લીધો હતો. જેની પુછ્પરછ્માં તેણે આ બે મંદિર ઉપરાંત રવિવારીમાંથી મોબાઈલ પણ તફડાવી લીધાની કબુલાત આપતા પોલીસે તપાસ હાથ ધરી .

રણછોડનગર શેરી નંબર ૧૩ કુવાડવા રોડ પર રહેતા વેપારી જય ભરતભાઈ રાજાણી (ઉ.વ. ૨૭) દ્વારા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, ગઈ તા. ૨૦/૨/૨૦૨૬ ના રાત્રિના સમયે અહીં કુવાડવા રોડ પર રણછોડનગર શેરી નંબર ૧૩ માં આવેલા સાંઈબાબા મંદિરમાં કોઈ અજાણ્યા શખસે પ્રવેશ કરી મંદિરની દાનપેટી તોડી તેમાંથી રૂપિયા ૧૨,૦૦૦ રોકડની ચોરી કરી લીધી હતી. જે અંગે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી બાતમીના આધારે ધ્રુપદ ઉર્ફે ધ્રુપેશ ઉર્ફે ધૂપલો અશોકભાઈ દેત્રોજા વ્યાસ (ઉ.વ. ૨૩ રહે. કોઠારીયા સોલવન્ટ, ચૈતન્ય હનુમાન મંદિર પાસે, મૂળ ગઢકા તા. રાજકોટ)ની ધરપકડ કરી રોકડ રૂપિયા ૧૫,૪૮૧ અને એક મોબાઈલ ફોન કબજે કર્યો હતો.



આરોપીએ આપેલી કબુલાત મુજબ રણછોડનગરમાં સાંઈબાબાના મંદિરો ઉપરાંત આજી વસાહત શેરી નંબર ૧૦ ત્રણ માળિયા કવાર્ટરની બાજુમાં બાપા સીતારામ ચોક પાસે આવેલા બહુચરાજી માતાના મંદિરમાં પ્રવેશી મંદિરની દાનપેટીમાં ડુબલીકેટ ચાવી લગાડી તાળું ખોલી રૂપિયા ૪૦૦૦ રોકડ ચોરી દરિયાની કબુલાત આપી હતી. આરોપી પાસેથી મળી આવેલ મોબાઈલ ફોન પણ ચોરાઉ હોવાનું કબૂલ્યું હતું જે મોબાઈલ ફોન તેણે રવિવારી બજારમાં ભીડનો લાભલઈ એક વ્યક્તિના ખિસ્સામાંથી શેરવી લીધો હોવાની કબુલાત આપી હતી. આરોપી હાલ કંઈ કામ ધંધો કરતો ન હોય મોજશોખ પૂરા કરવા અને ખર્ચો કાઢવા માટે તક મળે ત્યાં હાથ ફેરો કરી લેતો હોવાનું પોલીસે જણાવ્યું હતું.આરોપી અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલો છે કે કેમ ? તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# જંગલેશ્વર ડિમોલીશનમાં ૧૧ને ઈજા, ૧ સગર્ભા બેભાન, ૩ના BP લો થઈ ગયા

## ત્રણ લોકોને સિવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ઈતિહાસના સૌથી મોટા જંગલેશ્વર ડિમોલીશનમાં બે દિવસમાં ૧૧ લોકોને સામાન્ય ઈજા, ત્રણ લોકોના બ્લડપ્રેશર લો થઈ જવા અને એક સગર્ભા બેભાન થઈ ગયા હોવાના અહેવાલ મળી રહ્યા છે. જેમાં ત્રણ લોકોને સારવાર અર્થે સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મહાપાલિકાના આરોગ્ય અધિકારી જયેશ વકાણીએ જણાવ્યું હતું કે, પ્રથમ દિવસે કુલ ૧૦ લોકોને સારવાર આપવામાં આવી હતી તેમાં બે લોકોને બીપી લો થઈ ગયા હતા. જ્યારે ત્રણ લોકોને નબળાઈથી ચક્કર આવી ગયા હતા અને ચાર મજુરોને તોડફોડ અને કાટમાળ ખસેડતી વખતે હાથ-પગમાં સામાન્ય ઈજા થઈ હતી જ્યારે એક સગર્ભાને ચક્કર આવી જતા તેણીને સારવાર અર્થે સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

મંગળવારે પણ ૧૦ લોકોને ઈજા થઈ હોવાના અહેવાલ છે જેમાં એક વ્યક્તિને નબળાઈ આવી ગઈ હતી. જ્યારે સાત મજુરોને નાની-મોટી ઈજા થતા સ્થળ ઉપર સારવાર આપવામાં આવી હતી. જ્યારે બે લોકોના બીપી વધી જતા દવા નહી લેતા તેઓને ૧૦૮ મારફત હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ડિમોલિશન દરમિયાન કુલ ૪૯ મેડિકલ ટીમ તૈનાત કરવામાં આવી હતી.